Thursday, 08 January 2026

પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષ: ૨૩ ● અંક: ૧૯ ● સંવત-૨૦૮૨ પોષ વદ છઠ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD



અહિંસા એ લોકોની સૌથી મોટી શક્તિ છે, જે મજબૂત હોઈ છતાં માનવતાને શ્રેષ્ઠ માને છે.
-મહાત્મા ગાંધીજી

# પટલારા-મગરવાડા ખાતે પાવરગ્રિડ દ્વારા નિર્મિત ફાઉન્ડેશનને ધરાશાયી કરવામાં દોષિતો સુધી પહોંચવા દમણ પોલીસે તેજ કરી કવાયત

**સંઘપ્રદેશના પ્રશાસક પ્રફુલભાઈ પટેલે ગુનામાં સામેલ મોટો ચમરબંધી હોય તો તેને પણ નહીં છોડવા ઉચ્ચ અધિકારીઓને આપેલા નિર્દેશ બાદ ષડ્યંત્રકાર સુધી પોલીસની તપાસ પહોંચી હોવાની હવા ફેલાતા ન્યાયપ્રિય લોકોએ લીધેલો રાહતનો શ્વાસ**

**ભૂતકાળમાં કેટલાક તત્ત્વોએ પોતાની રાજકીય સત્તાના જોરે દમણના શાસન-પ્રશાસનને પણ બાનમાં લેવાની ચેષ્ટા કરી સરકારી જમીનો હડપવાથી માંડી નિર્દોષોને પણ જેલના સળિયા પાછળ ધકેલવાની અપનાવી હતી રીતરસમ**

**પ્રશાસક પ્રફુલભાઈ પટેલના આગમન બાદ 'ભાઈલોકો'ની ભાઈગીરી ઉપર અત્યાર સુધી અંકુશ રહેતા સામાન્ય લોકોનો પ્રશાસન પ્રત્યે બરકરાર રહેલો વિશ્વાસ**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૦૭

મોટી દમણના પટલારા-મગરવાડા ગામમાં નવસારી-કલા ટ્રાન્સમિશન લાઈનના બાંધકામના કામ અને બાંધવામાં આવેલ ફાઉન્ડેશનને ધરાશાયી કરવાના પ્રકરણમાં દમણ પોલીસે આરોપીઓ સુધી પહોંચવા પોતાની કવાયત તેજ કરી હોવાની માહિતી સાંપડી છે અને ફાઉન્ડેશનને ધરાશાયી કરવાના સૂત્રધાર સુધી પોલીસ તપાસ પહોંચી ચુકી હોવાની પણ જાણકારી આધારભૂત સાધનોએ આપી છે.

સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના આગમન બાદ છેલ્લા ૯ વર્ષમાં ભાઈગીરી અને અસામાજિક પ્રવૃત્તિ પ્રદેશમાંથી ગાયબ થઈ ચુકી હતી. પરંતુ હાલમાં કેટલાક માથાભારે તત્ત્વોએ સરકારી સંપત્તિને રૂા.૬૯.૫૦ લાખ કરાયેલા નુકસાનની માહિતી સંઘપ્રદેશના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલને મળતાં તેમણે તાત્કાલિક કોઈપણ ચમરબંધીની શેહશરમ રાખ્યા વગર ગુનામાં સંડોવાયેલા અજ્ઞાત બદમાશોની ઓળખ કરી તેમની સામે જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવા ઉચ્ચ અધિકારીઓને આપેલા નિર્દેશ બાદ પોલીસ તંત્રને આ કેસ ઉકેલવા માટે ગતિ મળી હોવાની માહિતી મળી રહી છે.

અત્રે યાદ રહે કે, ભૂતકાળમાં કેટલાક તત્ત્વોએ પોતાની રાજકીય સત્તાના જોરે દમણના શાસન-પ્રશાસનને પણ બાનમાં લેવાની ચેષ્ટા કરી હતી અને તે સમયના આઈ.એ.એસ. પ્રશાસકો પોતાની બદલી થવાના અને સી.આર. બગડવાના ભયથી આ તત્ત્વોના ઈશારે નાચતા હતા. પરંતુ જ્યારથી પ્રશાસક તરીકે શ્રી પ્રફુલભાઈ પટેલના થયેલા આગમન બાદ અત્યાર સુધી ઠેકાણે રહેલા 'ભાઈલોકો'એ અચાનક શૂરાતન બતાવી પાવરગ્રિડ દ્વારા નિર્મિત ફાઉન્ડેશનને નેસ્તનાબૂદ કરવાની કરેલી ચેષ્ટાથી ફરી




દમણ જિલ્લામાં ભાઈગીરી હાવી બની રહી હોવાની હવા ફેલાઈ હતી, પરંતુ સંઘપ્રદેશ પ્રશાસને આ અસામાજિક તત્ત્વોને ડામવા કાર્યવાહી શરૂ કરી હોવાની માહિતી ફેલાતા લોકોમાં પણ રાહતની લાગણી પેદા થવા પામી છે.

# ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ-૨૦૨૬: ઘૂંટણની ઈજા હોવા છતાં, સિમરન ચંદીગઢ માટે પેંચાક સિલાટમાં મહિલા ગંડા ગોલ્ડ મેડલ જીત્યો; મણિપુરે પુરુષોનો ખિતાબ જીત્યો

- **સેમિફાઈનલમાં ઘૂંટણની ઈજા હોવા છતાં, સિમરન ટેપ કરેલા ઘૂંટણ સાથે ફાઈનલ રમી**
- **ત્રણ દિવસની સ્પર્ધા પછી યજમાન દાદરા નગર હવેલી અને દમણ-દીવ મેડલ ટેલીમાં ટોચ પર**








(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૦૭

બુધવારે અહીં ઘોઘલા બીચ પર આયોજિત 'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ-૨૦૨૬'માં પેંચાક સિલાટ મહિલા ગંડા ડબલ્સ ફાઈનલમાં ચંદીગઢની સિમરન અને સોનિયાએ યજમાન દાદરા નગર હવેલી અને દમણ-દીવની અનુષ્કા સિંહ અને અંશુ કુમારીને હરાવીને સ્થાનિક દર્શકોની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું.

'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ-૨૦૨૬'નું આયોજન કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવ દ્વારા કરવામાં આવી રહ્યું છે અને ટેકનિકલી તેનું નિરીક્ષણ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (SAI) અને સંબંધિત રાષ્ટ્રીય રમત-ગમત ફેડરેશન દ્વારા કરવામાં આવે છે. આ 'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ'ની બીજી આવૃત્તિ છે, જેમાં ૧,૧૦૦થી વધુ ખેલાડીઓ આઠ રમતોમાં ભાગ લઈ રહ્યા છે. બીચ વોલીબોલ, બીચ સોકર, સેપકટકરા, બીચ કબડ્ડી, પેંચાક સિલાટ, ઓપન વોટર સ્વિમિંગ, મલ્લખંભ અને ટગ ઓફ વોર(દોરડાખેંચ). પ્રથમ છ મેડલ સ્પોર્ટ્સ છે, જેમાં કુલ ૩૨ ગોલ્ડ મેડલ દાવ પર છે.

યજમાન ટીમે મહિલા તુંગલ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલનું ખાતું ખોલ્યું હતું અને મહિલા ગંડા ડબલ્સમાં મેડલ ટેલી વધારવાની આશા રાખી રહી હતી. જોકે, સેમિફાઈનલમાં ઘૂંટણની ઈજા હોવા છતાં, સિમરને તે આશાઓ પર પાણી ફેરવી દીધું હતું.

મંગળવારે તુંગ્ગલ ઈવેન્ટમાં બ્રોન્ઝ મેડલ જીતનાર પંજાબ પોલીસ કર્મચારી સિમરન, સોનિયા સાથે મળીને ચંદીગઢને ૫૫૫-૫૩૭થી હાર આપીને ગોલ્ડ મેડલ અપાવ્યો હતો.

'તે ફાઈનલ હતી અને ગોલ્ડ જીતવાની તક હતી, તેથી મારે જોખમ લેવું પડ્યું,' જાકાર્તામાં ૨૦૧૮ એશિયન ગેમ્સમાં ભૂતપૂર્વ ભારતીય પ્રતિનિધિએ કહ્યું. 'પાંચ વર્ષ પહેલાં, મારું એસીએલ ફાટી ગયું હતું અને મેં સર્જરી કરાવી હતી. આજે, મને સેમિફાઈનલમાં મેનિસ્કસ ઈજા થઈ હતી, તેથી મેં મારા ઘૂંટણમાં ટેપ લગાવીને ફાઈનલ રમી હતી. પરંતુ બધું સારું થયું જેનો અંત સારો થયો, અમે ચંદીગઢ માટે ગોલ્ડ જીતવામાં સફળ રહ્યા.'

પુરુષોની ફાઈનલમાં, પ્રેમચંદ યેંગખોમ અને વહેંગબમ સુધીર મેતેઈએ તમિલનાડુના બોસ રાજા ગુરુ અને સેલ્વાકુમારને ૫૫૫-૫૩૬થી હરાવ્યા.

- (વધુ પાના નં.૨ પર)

# ઉત્તર કોલકાત્તાના એક રસ્તા ઉપર કઠોર મહેનત કરનારા રમતવીર રાજા દાસે KIBG- 2026માં પેંચાક સિલાટમાં ગોલ્ડ મેડલ જીત્યો

- **રાજા દાસે તુગ્ગલ ઈવેન્ટની ફાઈનલમાં સ્થાનિક પ્રિય અને ડિફેન્ડિંગ ચેમ્પિયન પ્રસન્ના બેન્દ્રેને હરાવ્યો**
- **૩૩ વર્ષીય વાણિજ્ય સ્નાતક પરિવારની આવક વધારવા માટે ફિઝિકલ થેરાપિસ્ટ તરીકે પણ કામ કરે છે**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દીવ, તા.૦૭

જ્યારે રાજા દાસ પેંચાક સિલાટનો અભ્યાસ કરતા નથી, ત્યારે તે તેના પિતા સાથે કામ કરે છે, કોલકાતામાં સ્થાનિક બ્લડ બેંકોને બરફ સપ્લાય કરે છે. તેના પિતા દાયકાઓથી રસ્તાના કિનારે વેપારી છે, અને રાજા બાળપણથી જ મદદ કરી રહ્યા છે, સાથે સાથે રમતમાં પોતાનું નામ બનાવવાનું સ્વપ્ન પણ પોષી રહ્યા છે.

પશ્ચિમ બંગાળના આ ખેલાડીએ વર્ષોથી રાષ્ટ્રીય સ્તરે સતત મેડલ જીત્યા છે અને મંગળવારે, તેણે દીવના ઘોઘલા બીચ પર આયોજિત 'ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ ૨૦૨૬'માં તુગ્ગલ ઈવેન્ટમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન અને સ્થાનિક પ્રિય પ્રસન્ના બેન્દ્રેને હરાવીને સ્પર્ધાના પ્રથમ બે ગોલ્ડ મેડલમાંથી એક જીત્યો હતો.

વાણિજ્ય સ્નાતક, રાજા હંમેશા માર્શલ આર્ટ્સમાં ઊંડો રસ રહ્યો છે, પરંતુ કરાટે અને તાઈક્વૉન્ડો તેમને ક્યારેય ખાસ ગમ્યા નહીં. તેઓ કોરિયોગ્રાફી તરફ વધુ ઝુકાવ ધરાવતા હતા, ખાસ કરીને શસ્ત્ર પ્રદર્શન તરફ અને અહીંથી તેમને પેંચાક સિલાટમાં રસ પડ્યો એક માર્શલ આર્ટ જે સંપૂર્ણ શરીરની શક્તિ, સંતુલન અને કુશળતાને જોડે છે.

રાજા, જેમણે ૨૦૧૭માં આ રમતમાં ઔપચારિક તાલીમ શરૂ કરી હતી, તે સમજાવે છે, 'નાનપણથી જ, મને માર્શલ આર્ટ્સ ખૂબ ગમતી હતી, પરંતુ કરાટે અને તાઈક્વૉન્ડો સાથે ક્યારેય ખરેખર જોડાયેલો નહોતો. મને કોરિયોગ્રાફીમાં, ખાસ કરીને શસ્ત્ર કોરિયોગ્રાફીમાં વધુ રસ હતો. ઘણા સંશોધન પછી, મને ખબર પડી કે પેંચાક સિલાટ ૨૦૧૮ એશિયન ગેમ્સનો ભાગ હતો.'

તેમની શરૂઆતની મહત્ત્વાકાંક્ષા તેમને ઈન્ડોનેશિયા લઈ ગઈ, જ્યાં તેમણે ૨૦૧૮ એશિયન ગેમ્સ પહેલા એક અદ્યતન તાલીમ શિબિરમાં હાજરી આપી. જો કે, તે સમયે તેમનું સ્વપ્ન સાકાર થયું ન હતું.

રાજાએ યાદ કરતાં કહ્યું, 'હું ત્યારે નવો હતો અને મારી પાસે આંતરરાષ્ટ્રીય અનુભવનો અભાવ હતો, તેથી હું ક્વોલિફાય થઈ શક્યો નહીં. પરંતુ તે અનુભવે મને ચોક્કસપણે બતાવ્યું કે મારે કયા સ્તર સુધી પહોંચવું જોઈએ.'

- (વધુ પાના નં.૨ પર)




# આજે મોટી દમણના પરિયારી ખાતે આવેલ શ્રી રામકુંડ મંદિરના ૧૦મા પાટોત્સવની થનારી ઉજવણી

**રામયજ્ઞ અને રામરક્ષા સ્ત્રોતનું પારાયણ થશેઃ બપોરે ૧૨:૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન**

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
દમણ, તા.૦૭

આવતી કાલ તા.૦૮મી જાન્યુઆરીના રોજ મોટી દમણના પરિયારી ગામ ખાતે આવેલ શ્રી રામકુંડ મંદિરના ૧૦મા પાટોત્સવની ઉજવણી થઈ રહી છે. જેનો લાભ લેવા ભાવિક ભક્તજનોને ઉપસ્થિત રહેવા પણ શ્રી રામકુંડ મંદિર પરિવાર દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે.

આવતી કાલે પરિયારીના શ્રી રામકુંડ મંદિર ખાતે સવારે ૭:૦૦ કલાકે આરતી, સવારે ૮:૦૦ વાગ્યે રામયજ્ઞનો પ્રારંભ અને ૯:૩૦ રામરક્ષા સ્ત્રોતનું પારાયણ કરાશે. બપોરે ૧૨:૩૦ વાગ્યે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. શ્રી રામકુંડ મંદિર પરિયારના ૧૦મા પાટોત્સવ નિમિત્તે સાંજે ૬:૩૦ કલાકે આરતી અને રાત્રે ૮:૦૦ વાગ્યાથી સાંસ્કૃતિક કાર્યક્રમ અને ગરબાનું પણ આયોજન કરાયું હોવાની જાણકારી શ્રી રામકુંડ મંદિર પરિવાર દ્વારા આપવામાં આવી છે.

# દાનહ: દૂધનીના ખોરીપાડામાં ચોમાસા દરમિયાન રસ્તા વચ્ચે પડેલું મોટું બાંકોરું હજુ સુધી પુરાયું નથી: લોકોને અવર-જવરમાં પડી રહેલી ભારે તકલીફ

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
સેલવાસ, તા.૦૭

દાદરા નગર હવેલીમાં કુદરતી સૌંદર્યથી ભરપુર અને સહેલાણી માટેનું સૌથી વધુ પ્રિય સ્થળ એવા દૂધની ગામના ખોરીપાડામાં ગત ચોમાસા દરમિયાન રસ્તાની વચ્ચે પડેલું મસમોટું બાંકોરૂં ચોમાસું પુરૂં થયાને લગભગ ૩ મહિના પુરા થવા છતાં પણ હજુ સુધી નહીં પુરાતા ગામલોકોને અવર-જવર કરવામાં ભારે તકલીફનો સામનો કરવા પડી રહ્યો છે. જેમાં ફોર વ્હીલર અને મોટા વાહનો પસાર કરતા ચાલકોને પરસેવો આવી જાય છે.





પ્રાપ્ત માહિતી પ્રમાણે દાનહના દૂધની ગામના ખોરીપાડા વિસ્તારમાં ચોમાસા દરમિયાન પડેલા ધોધમાર વરસાદના કારણે મહત્ત્વના રસ્તાની વચ્ચોવચ્ચ મસમોટું બાંકોરૂં પડ્યું હતું. આ બાકોરાની નજીક જ સરકારી સ્કૂલ આવેલ છે, જેમાં ભણતા જતા-આવતા બાળકોને ભારે મુશ્કેલી પડે છે. આ બાંકોરાને કારણે ફક્ત લોકો જ નહીં પશુઓ પણ પરેશાન થઈ રહ્યા છે. રાત્રિના સમયે બાકોરામાં કોઈ અજાણ્યું પડી જાય તે તેની હાલત શું થશે? એવો લોકોમાં ભય પણ ફેલાઈ રહ્યો છે. અગર જો કોઈક પડી ગયું તો એના માટે જવાબદાર કોણ રહેશે? એવા પ્રશ્નો પણ લોકોન કરી રહ્યા છે. આ બાંકોરામાં એક કાર અંદર ફસાઈ પણ ગઈ હતી જેને મહામહેનતે સ્થાનિકો દ્વારા બહાર કાઢવામાં આવી હતી.

ગામલોકોના જણાવ્યા પ્રમાણે રસ્તા ઉપર પડેલા બાંકોરા પુરવા માટે ગામના સરપંચ, જિલ્લા પંચાયત અને જિલ્લા પ્રશાસનને પણ વારંવાર રજૂઆતો કરવા છતાં તેઓ દ્વારા સમસ્યાનો કોઈ જ હલ કાઢવામાં આવ્યો નથી. સ્થાનિક ગ્રામજનો દ્વારા જિલ્લા પંચાયતમાં મૌખિક અને લેખિત રજૂઆત કરી હતી ત્યારબાદ ગત મહિને જિલ્લા પંચાયત ઉપ પ્રમુખ વિનયભાઈ, દૂધની વિભાગના દાનહ જિ.પં. સભ્ય શ્રીમતી શીતલબેન અને વોર્ડ સભ્યએ આ

**લાંબા સમયથી સમસ્યા નહીં ઉકેલાતા ગામલોકોમાં આક્રોશ**

રસ્તામાં પડેલા બાંકોરાને નિહાળ્યું હતું. પરંતુ આજદિન સુધી તેઓ દ્વારા લોકોની લાગણીને સમજી નથી. આખરે કંટાળેલા સ્થાનિકોએ માંગ કરી છે કે જો આ બાંકોરૂં તાત્કાલિક ધોરણે નહીં પુરાય તો આંદોલન કરવા પણ ખચકાઈશું નહીં.

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

વર્તમાન પ્રવાહ

ટૂંક સમયમાં વાંચો

અમારા સિનિયર સબ એડિટર શ્રી નગીન ગાંવિતની કલમે

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના રાજકીય આટાપાટા.

૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં દમણ-દીવની બેઠક ઉપરથી ભાજપનો 'નાલેશી' ભરેલો પરાજય અને દમણની જિલ્લા પંચાયતોની ૧૦ બેઠક તથા ૯ ગ્રામ પંચાયતોના સરપંચોનો બિનહરિફ વિજય ફક્ત ૬ જિલ્લા પંચાયત અને ૭ ગ્રામ પંચાયતોના સરપંચોની થયેલી ચૂંટણીના લેખાં-જોખાં સાથે બિનહરિફ બેઠકોના રાજકીય દાવપેચ અને કાવા-દાવાની રોચક અને રસપ્રદ માહિતી સિનિયર સબ એડિટર શ્રી નગીન ગાંવિતે ચૂંટણી પહેલાં અને ચૂંટણી દરમિયાન કરેલા અભ્યાસનો નિચોડ.

જોતા રહો..... 'વર્તમાન પ્રવાહ'




## સુવિચાર - સદ્વિચાર

સત્ય,સુગંધ અને સાદગી ધીરે ધીરે પણ દૂર સુધી ફેલાય છે

## કવિતા-ભજન-પદ-ગરબા

### પ્રવેશી સોળે ને

હવે મારા ભીના સમયવન-એકાન્ત-તરુની
કુણેરી ઈચ્છાની વિટપ પરનું ભાન ટહુકે,
સવારે જોયેલું શમણું, બનીને આંગણ તણી
નવેરા ક્યારાની તુલસી પરનું પાન, ફરકે!
ન વાગે રેતીનો કણ પણ છતાં હેલ ફૂટતી,
પગે બાંધ્યાં લીલાં વજન, મનનો મોર ગહેકે;
કદી છાનું છાનું અમથું અમથું હોઠ મરકે;
સખીની વાતોનો વિષય બની આ કાય તૂટતી!
હજી તો કાલે હું ફર ફર થતા ફાગણ સમી
હતી ને બંધાઈ ગઈ, અભરખે ચૈતર ચઢે,
કદી શય્યાખંડે ટમ ટમ દીવે આભ ઊતરે
ત્યજી ગીતા, ઓખાહરણ ભણી શ્રદ્ધા વળી જતી!
હવે કંચુકી યે રહ્યું ગવન ક્યારેક સરકે,
પ્રવેશી સોળે ને મૂંઝવણ મહીં સાન લપકે!

-સતિષ વ્યાસ

## આજની જોક

શિક્ષક : ગાંધીજીને કોણે માર્યા?
પપ્પુ: ગોળીએ, સાહેબ.
શિક્ષકે ગુસ્સામાં પૂછ્યું : પણ ગોળી છોડનાર કોણ ?
પપ્પુ એકદમ બોલી ઉઠ્યો: સાહેબ ! પિસ્તોલ.

## કબીર વાણી

**અવગુન કહુ શરાબ કા, આપા અહમક સાથ**
**માનુષ સે પશુઆ કરે દાય, ગાંઠ સે ખાત.**

**- અર્થાત-**

કબીરદાસ કહે છે કે દારૂ પીવાનો વ્યસન ખૂબ જ ખરાબ છે કારણ કે વ્યક્તિ દારૂના નશામાં ધૂત થઈ જાય છે અને પ્રાણી જેવું વર્તન કરવા લાગે છે. સમાજમાં માન-સન્માનની સાથે તેની આર્થિક સ્થિતિ પણ બગડે છે.

## આજનો દિન વિશેષ

### મધુલિકા લિડલ



મધુલિકા લિડલ (જન્મ ૮ જાન્યુઆરી ૧૯૭૩) એક ભારતીય લેખિકા છે જે ૧૭મી સદીના મુઘલ ડિટેક્ટીવ મુઝફ્ફર જંગ વિશેના તેમના પુસ્તકો માટે જાણીતી છે.

**પ્રારંભિક જીવન અને શિક્ષણ :** આ વિભાગ કોઈપણ સ્ત્રોતોનો ઉલ્લેખ કરતો નથી. કૃપા કરીને વિશ્વસનીય સ્ત્રોતોમાં ટાંકણા ઉમેરીને આ વિભાગને સુધારવામાં મદદ કરો. બિન-સ્ત્રોત સામગ્રીને પડકારવામાં આવી શકે છે અને દૂર કરવામાં આવી શકે છે. માધુલિકાનો જન્મ ભારતના આસામના હાફલોંગ શહેરમાં થયો હતો, જે એન્ડ્રુ વેરિટી લિડલ અને તેની પત્ની મ્યુરિયલ લિડલની બે પુત્રીઓમાં નાની હતી. એન્ડ્રુ લિડલ ભારતીય પોલીસ સેવામાં અધિકારી હતા, જેનો અર્થ એ થયો કે તેમને દર બે કે ત્રણ વર્ષે એક નવા શહેરમાં ટ્રાન્સફર કરવામાં આવતા હતા. તેથી, મધુલિકાના જીવનના પ્રથમ બાર વર્ષ આસામના વિવિધ નગરોમાં વિતાવ્યા.

૧૯૮૫ માં, લિડલની નવી દિલ્હી બદલી થઈ, અને મધુલિકાએ તે શહેરમાં તેનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું. તેણીએ નવી દિલ્હીમાં ઈન્સ્ટિટ્યૂટ ઓફ હોટેલ મેનેજમેન્ટ, કેટરિંગ એન્ડ ન્યુટ્રિશન (IHMCN) માં અભ્યાસ કર્યો. લિડલના લગ્ન તરુણ ભંડારી સાથે થયા છે, અને આ દંપતીને એક પુત્રી, લારા છે. તેઓ ભારતના નોઈડામાં રહે છે. તેની બહેન, સ્વપ્રા લિડલ, એક ઈતિહાસકાર છે જે દિલ્હીના ઈતિહાસ અને શહેરી વિકાસ પરના તેમના કાર્ય માટે જાણીતી છે. માધુલિકાએ દિલ્હીમાં ઈન્ડિયા હેબિટેટ સેન્ટરમાં કામ કર્યુ, ત્યારબાદ એક જાહેરાત એજન્સીમાં કામ કર્યુ અને ૨૦૦૮ માં NIIT માંથી રાજીનામુ આપીને પૂર્ણ-સમય લખ્યો.

**લેખન :** માધુલિકાની પ્રકાશિત થનારી પ્રથમ કૃતિ સાયલન્ટ ફિયર નામની ટૂંકી વાર્તા હતી, જેણે જૂન ૨૦૦૧માં ફેમિના થ્રિલર સ્પર્ધા જીતી હતી. માધુલિકાની સૌથી જાણીતી કૃતિઓની શ્રેણી ૧૭મી સદીના મુઘલ ડિટેક્ટીવ મુઝફ્ફર જંગ દર્શાવતી ઐતિહાસિક હૂડનટ્સ છે. મુઝફ્ફર જંગ સૌપ્રથમ ૨૦૦૭માં ઝુબાન બુક્સ દ્વારા પ્રકાશિત ૨૧ અંડર ૪૦ના કાવ્યસંગ્રહમાં ટૂંકી વાર્તા, મર્ક ઓફ આર્ટમાં છાપવામાં આવ્યા હતા. મુઝફ્ફર જંગની પ્રથમ પૂર્ણ-લંબાઈની નવલકથા ૨૦૦૯માં હેચેટ ઈન્ડિયા દ્વારા ધ ઈંગ્લિશમેનસ કેમિયો તરીકે પ્રકાશિત થઈ હતી. ૨૦૨૧ સુધીમાં, શ્રેણીના ચાર પુસ્તકો પ્રકાશિત થયા છે.

## આજની રેસીપી

### મેથીના થેપલા

૧ કપ ૧/૨ કપ ઘઉંનો લોટ,૧/૨ કપ બારીક સમારેલી મેથીની ભાજી, ૩ ટેબલસ્પૂન બારીક સમારેલા લીલા ધાણા (કોથમીર),૧ ટેબલસ્પૂન દહીં, ટીસ્પૂન આદું-લસણની પેસ્ટ૧ ટીસ્પૂન લાલ મરચું પાઉડર, ૧/૨ ટીસ્પૂન હળદર, ૧ ટીસ્પૂન ધાણાજીરું, ૨ ટીસ્પૂન તેલ શેકવા માટે, મીઠું સ્વાદ અનુસાર, પાણી,

**બનાવવાની રીત :** એક કાથરોટમાં ૧-કપ ઘઉંનો લોટ, બારીક સમારેલી મેથી, બારીક સમારેલા લીલા ધાણા, દહીં, લાલ મરચું પાઉડર, ધાણાજીરું , હળદર, આદું-લસણની પેસ્ટ, ૧-ટીસ્પૂન તેલ અને મીઠું લો અને તેને બરાબર મિક્ષ કરો.તેમાં જરૂર પ્રમાણે પાણી નાખોં અને નરમ લોટ (રોટલીના લોટની જેમ) બાંધો. લોટની ૧-ટીસ્પૂન તેલ લગાવીને ચીકણો કરી લો. લોટને સાફ મલમલના કપડાથી અથવા એક પ્લેટથી ઢાંકો અને ૧૫-૨૦ મિનિટ માટે સેટ થવા દો. ૧૫-૨૦ મિનિટ પછી, લોટને ૭ સરખા ભાગોમાં વહેંચો અને દરેક ભાગમાંથી ગોળા (ગોળાકાર) બનાવો.એક પ્લેટમાં ૧/૨ કપ સૂકો ઘઉંનો લોટ લો. એક ગોળાકાર લો અને તેને હથેળીઓની વચ્ચે દબાવીને લુઆનો આકાર આપો. તેને વેલણથી લગભગ ૬-૭ ઇંચ વ્યાસના ગોળ આકારમાં વણી લો (રોટલી અથવા પરોઠાની જેમ). એક તવાને મધ્યમ આંચ પર ગરમ કરો. ગરમ તવાની ઉપર એક વણેલું મેથીનું થેપલું મૂકો. તવા ઉપર ચડી જતા તેના ચા સાથે અથવા માખણ સાથે સર્વ કરો.

### ગુજરાતમાં યોજાશે પતંગોનો મહામેળો

# ગુજરાતમાં દેશ અને વિદેશના પતંગબાજોથી આકાશ થશે રંગીન

### આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૧૦થી શરૂ થશે અને ૧૪ જાન્યુઆરી સુધી ચાલશે, તેનું મુખ્ય સ્થળ સાબરમતી રિવરફ્રન્ટ છે






**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૦૭**

ગુજરાતમાં દર વર્ષે જાન્યુઆરી મહિનામાં યોજાતો આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ઉત્તરાયણની વર્ષો જૂની પરંપરા સાથે જોડાયેલો છે. આ મેળા દરમિયાન આકાશ રંગબેરંગી અને વિવિધ આકારની પતંગોથી ભરાઈ જાય છે.

આ મહોત્સવની ખાસ વાત એ છે કે તે દેશ-વિદેશના પ્રવાસીઓ અને પતંગબાજો માટે આકર્ષણનું કેન્દ્ર બને છે. અહીં અલગ-અલગ દેશોની અનોખી અને સુંદર પતંગો જોવા મળે છે. જો તમે પણ આ વર્ષે પતંગ મહોત્સવનો આનંદ માણવા માંગતા હોવ, તો આ સમાચાર તમારા માટે જ છે. આજે, અમે તમને આ તહેવાર સંબંધિત બધી મહત્વપૂર્ણ માહિતી આપવા જઈ રહ્યા છીએ. ચાલો જાણીએ...

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૧૦ જાન્યુઆરીથી શરૂ થશે અને ૧૪ જાન્યુઆરી સુધી ચાલશે. તેનું મુખ્ય સ્થળ અમદાવાદનો સાબરમતી રિવરફ્રન્ટ છે.

આ ઉપરાંત, આ મહોત્સવ ગુજરાતના અન્ય શહેરો જેવા કે સુરત, રાજકોટ, વડોદરા અને દ્વારકામાં પણ ઉજવવામાં આવશે. આ મહોત્સવમાં જાપાન, અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, ઓસ્ટ્રેલિયા અને ઈન્ડોનેશિયા જેવા દેશોના પતંગબાજો તેમની અનોખી અને ક્રાફ્ટેડ પતંગોનું પ્રદર્શન કરશે. સાથે જ ભારતના પરંપરાગત પતંગ ઉત્પાદકો પણ તેમની કળાનું પ્રદર્શન કરશે, જેનાથી આકાશનો નજારો જોવા જેવો હશે. આ સુંદર પતંગોથી આકાશ ભરી દેશે અને એક અદભુત દશ્ય જોવા મળશે.

પતંગબાજી સિવાય અહીં અનેક સાંસ્કૃતિક કાર્યક્રમોની પણ મજા માણી શકાશે. લોક સંગીત અને નૃત્યના પર્ફોર્મન્સની સાથે હેન્ડીક્રાફ્ટ પ્રદર્શન અને લોકલ ફૂડ સ્ટોલ્સ પણ હશે, જ્યાં તમે ગુજરાતી વાનગીઓનો સ્વાદ માણી શકશો. બાળકો માટે ખાસ વર્કશોપ રાખવામાં આવી છે, જેમાં તેમને પતંગ બનાવવાની અને પતંગ ઉડાડવાની તકનીકો શીખવવામાં આવશે.

આ મહોત્સવ ૧૦ જાન્યુઆરીથી ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ચાલશે. મુખ્ય કાર્યક્રમો અમદાવાદમાં યોજાશે. ખાસ વાત એ છે કે અહીં એન્ટ્રી બિલકુલ ફ્રી છે અને કાર્યક્રમો સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી ચાલે છે.

### ફૂડ ટેસ્ટિંગની આડમાં લંડન કનેક્શનનો પર્દાફાશ

# સુરતના મોલમાં MD ડ્રગ્સની સિક્રેટ ફેક્ટરી આખરે ઝડપાઈ

### ફૂડ ટેસ્ટિંગ લેબની આડમાં ચાલતી આ ફેક્ટરીનું સંચાલન છેક લંડનથી થતું હોવાનું બહાર આવતા એજન્સીઓ સ્તબ્ધ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત, તા.૦૭**

ડાયમંડ સિટી તરીકે જાણીતું સુરત હવે ડ્રગ્સ માફિયાઓના નિશાને હોય તેમ લાગી રહ્યું છે. સુરત SOG એ પર્વત પાટિયા વિસ્તારમાં આવેલા એક જાણીતા શોપિંગ મોલમાં દરોડા પાડીને હાઈ પ્યુરિટી ક્રિસ્ટલ મેફેડ્રોન (MD) બનાવતી એક અત્યાધુનિક લેબોરેટરી ઝડપી પાડી છે. ફૂડ ટેસ્ટિંગ લેબની આડમાં ચાલતી આ ફેક્ટરીનું સંચાલન છેક લંડનથી થતું હોવાનું બહાર આવતા સુરત પોલીસ અને તપાસ એજન્સીઓ સ્તબ્ધ થઈ ગઈ છે.

આ સમગ્ર પ્રકરણની કડી ૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ મળી હતી. SOGની ટીમે અમરોલી છાપરાભાઠા રોડ પરથી ૨૧ વર્ષીય જીલ ભૂપતભાઈ હુમ્મર નામના યુવકને ૨૩૬.૭૮૦ ગ્રામ MD ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. સામાન્ય રીતે ડ્રગ્સ અન્ય રાજ્યો કે સરહદ પારથી આવતું હોય છે, પરંતુ જીલની આકરી પૂછપરછમાં ચોંકાવનારો ખુલાસો થયો કે આ ડ્રગ્સ ક્યાંય બહારથી નથી આવ્યું, પરંતુ સુરત શહેરની અંદર જ એક મોલમાં તૈયાર કરવામાં આવ્યું છે.

જીલની કબૂલાતના આધારે પોલીસે પર્વત પાટિયા વેસુ કેનાલ રોડ પર આવેલા પોલારીસ શોપિંગ સેન્ટરમાં તપાસ હાથ ધરી હતી. અહીં ડિક્રિયા ફૂડ એન્ડ ફાર્મા એનાલેટિકલ લેબોરેટરી આવેલી છે. ઉપરથી જોતા આ સામાન્ય ફૂડ ટેસ્ટિંગ લેબ લાગતી હતી, પરંતુ અંદર જઈને જોતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. લેબની અંદરથી હાઈ પ્યુરિટી ક્રિસ્ટલ મેફેડ્રોન બનાવવા માટેની આધુનિક મશીનરી, મોટી માત્રામાં જવલનશીલ કેમિકલ્સનો જથ્થો અને ડ્રગ્સ બનાવવાની ફોર્મ્યુલા અને સાધનો મળી આવ્યા હતા.

તપાસમાં સૌથી મોટો ધડાકો એ થયો કે આ ફેક્ટરીનો અસલી માસ્ટરમાઈન્ડ જનક જાદાણી છે, જે હાલ લંડનમાં બેસીને આખું નેટવર્ક ઓપરેટ કરી રહ્યો છે. જનક જાદાણી લંડનથી જ આ લેબ માટે જરૂરી નાણાકીય સહાય (ફંડ) અને ડ્રગ્સ બનાવવાનું ટેકનિકલ માર્ગદર્શન પૂરું પાડતો હતો.



લંડનથી મળતી સૂચના મુજબ અહીં અત્યંત શુદ્ધ કક્ષાનું ક્રિસ્ટલ મેફેડ્રોન તૈયાર કરવામાં આવતું હતું, જે બજારમાં ખૂબ ઊંચી કિંમતે વેચાય છે. SOGએ આ મામલે લેબમાં કામ કરતા અને ડ્રગ્સ સપ્લાય કરતા વધુ ત્રણ શખ્સોની ધરપકડ કરી છે. બ્રિજેશ વ્રજલાલ ભાલોડિયા (૨૮) જે પોતે સિનિયર લેબ ટેક્નિશિયન છે. તે પોતાની કેમિકલની જાણકારીનો દુરુપયોગ કરી ઝેર તૈયાર કરતો હતો, ખુશાલ વલ્લભભાઈ રાણપરિયા (૨૭) ડ્રગ્સના સપ્લાય નેટવર્કમાં મહત્વની ભૂમિકા અને ભરતભાઈ ઉર્ફે ભાણો દામજીભાઈ લાઠિયા (૩૨) નેટવર્કનો સક્રિય સભ્ય છે. પોલીસે આ ઓપરેશન દરમિયાન અંદાજે રૂ.૨૦ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે, જેમાં તૈયાર ડ્રગ્સ, મશીનરી અને રોકડ રકમનો સમાવેશ થાય છે. પોલીસ હવે લંડન બેઠેલા જનક જાદાણી સુધી પહોંચવા માટે આંતરરાષ્ટ્રીય એજન્સીઓની મદદ લેવાની દિશામાં વિચારી રહી છે. આરોપીઓના મોબાઈલ ડેટા અને કોલ રેકોર્ડ્સ પરથી વધુ મોટા ખુલાસા થવાની શક્યતા છે.

**લંડનથી મળતી સૂચના મુજબ અહીં અત્યંત શુદ્ધ કક્ષાનું ક્રિસ્ટલ મેફેડ્રોન તૈયાર કરવામાં આવતું હતું, જે બજારમાં ખૂબ ઊંચી કિંમતે વેચાય છે**

### ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં બુલડોઝર ફેરવાયું

# હિંમતનગરમાં કરોડોની કિંમતના વિદેશી દારૂ પર બુલડોઝર ફેરવાયું

### અલગ અલગ સ્ટેશનોમાંથી પકડાયેલા કરોડોની કિંમતનો દારૂની બોટલોનો નાશ કરવામાં આવ્યો છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સાબરકાંઠા ,તા.૦૭**

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરમાં પોલીસ તંત્ર દ્વારા એક મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. હિંમતનગરના વીરપુર બાયપાસ પાસે વિવિધ પોલીસ સ્ટેશનોમાં પકડાયેલા કરોડોની કિંમતના વિદેશી દારૂના જથ્થાનો જાહેરમાં નાશ કરવામાં આવ્યો હતો. ગુજરાતમાં દારૂબંધીના કડક અમલના ભાગરૂપે સમયાંતરે જપ્ત કરાયેલા મુદ્દામાલનો નિકાલ કરવાની પ્રક્રિયા અંતર્ગત આ પગલું ભરવામાં આવ્યું હતું.

મળતી માહિતી અનુસાર, હિંમતનગરના એ-ડિવિઝન, બી-ડિવિઝન, ગાંભોઈ અને ગ્રામ્ય પોલીસ સ્ટેશન વિસ્તારમાં છેલ્લા લાંબા સમયથી અલગ-અલગ દરોડા દરમિયાન કુલ ૧૦૩ જેટલા પ્રોહિબિશનના ગુનાઓ નોંધાયા હતા. આ કામગીરીમાં પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવેલી કુલ ૩૪,૮૨૬ નંગ વિદેશી દારૂની બોટલોનો નાશ કરવાનો નિર્ણય લેવાયો હતો.

નાશ કરવામાં આવેલા આ દારૂના જથ્થાની બજાર કિંમત આશરે રૂપિયા ૧ કરોડ ૨૭ લાખ ૮૮ હજારથી વધુ અંકાય રહી છે. વીરપુર બાયપાસ રોડ પર



ખુલ્લી જગ્યામાં આ તમામ બોટલો પાથરી દેવામાં આવી હતી અને ત્યારબાદ તેના પર વિશાળ બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. મિનિટોમાં જ લાખોની કિંમતનો વિદેશી દારૂ માટીમાં મળી ગયો હતો.

આ સમગ્ર પ્રક્રિયા અત્યંત ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સરકારી નિયમોનુસાર કરવામાં આવી હતી. આ તકે પ્રાંત ઓફિસર, મામલતદાર, ડીવાયએસપી ,PI અને PSI સહિતના ઉચ્ચ અધિકારીઓ સ્થળ પર હાજર રહ્યા હતા. તેમની પ્રત્યક્ષ દેખરેખ હેઠળ દારૂની બોટલો તોડીને તેનો નાશ કરવામાં આવ્યો હતો, જેથી ભવિષ્યમાં આ મુદ્દામાલનો દુરુપયોગ ન થઈ શકે.

# ભાવનગરમાં રૂ.૨૦૦ના દરની નકલી ચલણી નોટો સાથે એકની ધરપકડ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**ભાવનગર, તા.૦૭**

ભાવનગર શહેરમાં રૂ. ૨૦૦ના દરની બનાવટી નોટો વટાવવાના મનસૂબા સાથે ઉભેલા એક શખ્સને એલસીબી પોલીસે બાતમીના આધારે ઝડપી લીધો છે. પોલીસની તપાસમાં આરોપી પાસેથી બસોના દરની કુલ ૩૪૩ નંગ નકલી નોટો મળી આવી હતી. આ મામલે પોલીસે અમદાવાદના એક શખ્સને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે .બનાવની વિગત મુજબ ભાવનગર એલસીબી પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે શિહોર તાલુકાના રાજપરા ગામનો અજય ઉર્ફે ઘુઘો પોપટભાઈ બુધેલીયા રેલ્વે સ્ટેશન રોડ પર તખ્તસિંહજી વિશ્રાંતિ ગૃહ પાસે નંબર પ્લેટ વગરના સ્કૂટર પર શંકાસ્પદ હાલતમાં ઉભો છે.બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડો પાડી ૪૦ વર્ષીય અજય બુધેલીયાની તલાશી લેતા તેની પાસેથી રૂ. ૨૦૦ના દરની ૩૪૩ નંગ બનાવટી નોટો મળી આવી હતી. પોલીસે આ તમામ નોટો અને સ્કૂટર કબજે કરી ગુનો નોંધ્યો છે.પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે પકડાયેલા શખ્સે આ નકલી નોટો અમદાવાદના નારોલ વિસ્તારમાં રહેતા ચિંતનભાઈ અનિલભાઈ કનોજીયા પાસેથી મેળવી હતી.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ-૨૦૨૬...**

ત્રણ દિવસની સ્પર્ધા પછી, દાદરા નગર હવેલી અને દમણ-દીવ એક ગોલ્ડ, બે સિલ્વર અને એક બ્રોન્ઝ મેડલ સાથે મેડલ ટેબલમાં આગળ છે. મણિપુર, પશ્ચિમ બંગાળ અને ચંદીગઢે પણ એક એક ગોલ્ડ મેડલ જીત્યો છે.

દરમિયાન, બીચ સોકરમાં, ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓરિસ્સાની મહિલા ટીમે ગ્રુપ **એ**માં અરુણાચલ પ્રદેશને ૮૪થી હરાવીને સેમિફાઈનલમાં પ્રવેશ કર્યો. પુરુષોની શ્રેણીમાં, કેરળે પોતાની બીજી મેચમાં દાદરા નગર હવેલી અને દમણ-દીવને ૭૦થી હરાવીને અંતિમ ચારમાં સ્થાન મેળવ્યું.

બીચ સેપકટાકરામાં, મણિપુરની મહિલા ટીમે બિહારને ૨૧ અને ગોવાને ૩૦થી હરાવીને સેમિફાઈનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું.

આજના પરિણામો આ પ્રમાણે રહ્યા હતા.

**પેંચક સિલાટ મહિલા (ગંડા ડબલ્સ): ગોલ્ડ** ચંદીગઢ, **સિલ્વર** દાદરા નગર હવેલી અને દમણ-દીવ, **કાંસ્ય** દિલ્હી અને કર્ણાટક

**પુરુષો (ગંડા): ગોલ્ડ** મણિપુર, **સિલ્વર** તમિલનાડુ, **કાંસ્ય** દાદરા નગર હવેલી અને દમણ-દીવ, મધ્ય પ્રદેશ.

**બીચ કબડ્ડી:** મહિલા (પૂલ એ): હરિયાણાએ દાદરા નગર હવેલી અને દમણ-દીવને ૭-૧૫થી હરાવ્યું.

**પુરૂષો (પૂલ એ):** દાદરા નગર હવેલી અને દમણ-દીવે આંધ્રપ્રદેશને ૪૬-૩૨થી હરાવ્યું હતું.

**(પહેલાં પાનાનું ચાલુ)**

**ઉત્તર કોલકાત્તાના...**

૨૦૧૮માં હાવડામાં એક દુઃખદ ટ્રેન અકસ્માતમાં તેના નાના ભાઈને ગુમાવ્યા પછી, વસ્તુઓ વધુ મુશ્કેલ બની ગઈ. પરિવારની નાણાકીય જવાબદારીઓ વધી ગઈ, અને રાજાએ વધારાની મહેનત કરવી પડી.

રાજાએ કહ્યું, ‘મારે પરિવાર માટે જરૂરી હોય તે કરવું પડે છે. હું મારા પિતાને તેમના કામમાં મદદ કરું છું, પરંતુ મારી આવક મર્યાદિત છે. આ હોવા છતાં, મારો પરિવાર મારા નિર્ણયો પાછળ મજબૂત રીતે ઉભો છે, અને તે જ જગ્યાએ મને સૌથી વધુ શક્તિ મળે છે.’

તેમણે એ પણ ખુલાસો કર્યો કે સ્પર્ધાઓની તૈયારી કરતી વખતે તેમણે પોતાની આવકને પૂરક બનાવવા માટે ફિઝિકલ થેરાપીનો કોર્સ લીધો હતો.

દીવમાં ગોલ્ડ મેડલ જીતવો એ રાજાની તોફાની કારકિર્દીમાં વધુ એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. ૨૦૨૫ ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સ અને ગોવામાં ૨૨મી રાષ્ટ્રીય રમતોમાં સિલ્વર મેડલ જીતનાર રાજાએ પોતાને દેશના સૌથી સુસંગત આર્ટિસ્ટિક પેંચાક સિલાટ એથ્લેટ્સમાંના એક તરીકે સ્થાપિત કર્યા છે. તેમણે ૨૦૨૩, ૨૦૨૪ અને ૨૦૨૫માં રાષ્ટ્રીય સ્તરે સુવર્ણ ચંદ્રકો જીત્યા હતા.

આંતરરાષ્ટ્રીય સ્તરે પણ તેમણે મજબૂત છાપ છોડી છે, ઘણીવાર મેડલ મેળવવામાં ચૂકી ગયા હતા ૨૦૧૮ અને ૨૦૧૯ એશિયન ચેમ્પિયનશિપમાં ચોથું સ્થાન, ૨૦૧૮ વર્લ્ડ બીચ ચેમ્પિયનશિપ (થાઈલેન્ડ)માં પાંચમું સ્થાન અને ૨૦૨૪ વર્લ્ડ ચેમ્પિયનશિપ (અબુ ધાબી) તેમના પ્રદર્શનનો પુરાવો છે.

રાજા માટે, દીવમાં આ સુવર્ણ ચંદ્રક આગામી સિનિયર રાષ્ટ્રીય ચેમ્પિયનશિપ માટે આદર્શ તૈયારી છે, જે ૨૦૨૭ રાષ્ટ્રીય રમતો અને આંતરરાષ્ટ્રીય સીઝન માટે ક્વોલિફાયર હશે.

તેમણે કહ્યું, ‘હવે મારું લક્ષ્ય આંતરરાષ્ટ્રીય મંચ પર ભારત માટે ચંદ્રક જીતવાનું છે. ફેડરેશન અને સરકાર તરફથી મને જે સમર્થન મળી રહ્યું છે તેનાથી, મને વિશ્વાસ છે કે આ સ્વપ્ન ટૂંક સમયમાં સાકાર થશે.’

# વલસાડ જિલ્લા ઈન્ચાર્જ કલેક્ટર અતિરાગ ચપલોતના અધ્યક્ષસ્થાને પ્રથમવાર સ્વાસ્થ્ય પરિષદ યોજાઈ

**ગ્રામ્ય કક્ષાએ આરોગ્યલક્ષી સમસ્યાઓ શોધી તેનું નિરાકરણ લાવવું એ આ સ્વાસ્થ્ય પરિષદનો મુખ્ય હેતુ છેઃ ઈન્ચાર્જ કલેક્ટર**





**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા. ૦૭**

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઉપક્રમે તથા સ્ટેટ હેલ્થ સિસ્ટમ રિપોર્ટ સેન્ટર દ્વારા રાજ્ય માટે અગ્રતા ધરાવતા આરોગ્ય સંબંધિત મુદ્દાઓ ઉપર જિલ્લાના વિવિધ હિત ધારકો સાથે ચર્ચાઓ કરી આરોગ્ય સમસ્યાઓના નિરાકરણ માટેના મંતવ્યો મેળવવાના હેતુસર વલસાડ જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા ખાતે જિલ્લાની પ્રથમ સ્વાસ્થ્ય પરિષદનું આયોજન ઈન્ચાર્જ કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઈન્ચાર્જ કલેક્ટરશ્રી અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતે જણાવ્યું કે, ગ્રામ્ય કક્ષાએ આરોગ્યલક્ષી સમસ્યાઓ શોધી તેનું નિરાકરણ લાવવું એ આ સ્વાસ્થ્ય પરિષદનો મુખ્ય હેતુ છે. જે છેવાડાના માનવી માટે લાભદાયી પુરવાર થશે. સમાજના દરેક વર્ગ માટે આરોગ્ય સેવાઓ અને ગુણવત્તાયુક્ત સારવાર સહેલાઈથી મળી રહે તેવો નવતર અભિગમ અપનાવાયો છે.

આ સ્વાસ્થ્ય પરિષદમાં જિલ્લાની આરોગ્ય વિષયક વિકટ સમસ્યાઓ જેવી કે, માતા મરણ, બાળ મરણ, ટીનએજ પ્રેગનેન્સી અને સિકલસેલ એનિમિયા વગેરે વિષયો ઉપર વધુ અસરકારક કામગીરી કેવી રીતે કરી શકાય તે અંગે નિષ્ણાતો દ્વારા પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યા હતા. સાથો સાથ હાજર હિતધારકોના મંતવ્યો મેળવી પ્રશ્નોના નિરાકરણ માટે વિસ્તૃત ચર્ચાઓ પણ કરવામાં આવી હતી.

ઈન્ચાર્જ અધિક જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડો.એચ.પી. સિંઘે આભારવિધિ કરી આરોગ્ય સેવાઓ વધુ સુદ્રઢ બનાવવા માટે પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. જિલ્લા સ્વાસ્થ્ય પરિષદમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખશ્રી, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી, તાલુકા પંચાયતના પ્રમુખશ્રીઓ, અધિકારીશ્રીઓ, IIT તથા IIPHGના પ્રતિનિધિઓ, અધિક્ષકશ્રીઓ, ટી.એચ.ઓ., મેડીકલ ઓફીસરો, સરપંચશ્રીઓ, આશા, NGO અને અન્ય વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ હાજર રહ્યા હતા.

**તત્કાલીન ચેરમેન દ્વારા તેમની જાણ બહાર બોલાવેલ સરક્યુલેટિંગ મિટિંગ રદ્દ કરવાની લેખિત રજૂઆતને પગલે**

# ચીખલીમાં વસુધારા ડેરીમાં નવનિર્વાચિત વ્યવસ્થાપક સમિતિની પ્રથમ કારોબારી મંડળની બેઠક રદ્દ કરવાની નોબત આવી

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) ચીખલી,(વંકાલ), તા.૦૭**

ચીખલીમાં વસુધારા ડેરીમાં તત્કાલીન ચેરમેન દ્વારા તેમની જાણ બહાર બોલાવેલ સરક્યુટિંગ મિટિંગ રદ્દ કરવાની લેખિત રજૂઆતને પગલે મૅનેજિંગ ડિરેક્ટરનો પાંચ વર્ષ માટેના કાર્યકાળ લંબાવવાના ઠરાવને બહાલી આપવા માટેની નવનિર્વાચિત વ્યવસ્થાપક સમિતિની પ્રથમ કારોબારી મંડળની બેઠક રદ્દ કરવાની નોબત આવી હતી.

પ્રાપ્ત વિગત મુજબ સંઘના મૅનેજિંગ ડિરેક્ટર શ્રી નરેન્દ્રભાઈ વશી સાથે સઘની ફરજો બજાવવા સંસ્થામાં ચાલુ રહેવા માટે કરેલ કરારની મુદત ૦૭/૦૧/૨૬ના રોજ પુરી થવામાં છે. જે આગામી પાંચ વર્ષ માટે મૅનેજિંગ ડિરેક્ટરની નિમણૂક કરવા અંગે સરક્યુલેટિંગ ઠરાવ કરવામાં આવ્યો હતો. જે ઠરાવને બહાલી આપવા માટે આજરોજ કારોબારી મંડળની બેઠક રાખવામાં આવી હતી.

વસુધારા ડેરીમાં ચેરમેન વાઈસ ચેરમેનની ચૂંટણી બાદ ૦૭/૦૧/૨૦૨૬ને બુધવારના રોજ બપોરે એક કલાકે સંઘના આલીપોર સ્થિત મુખ્ય કાર્યાલયમાં કારોબારી મંડળની સભા રાખવામાં આવી હતી. આ સભામાં ૨૯/૧૨/૨૦૨૫ના સરક્યુલેટિંગ ઠરાવની નોંધ લઈ બહાલી આપવા બાબતનો એજન્ડો હતો.

આ સભા પૂર્વે વર્તમાન ડિરેક્ટર અને તત્કાલીન ચેરમેન શ્રી ગમનભાઈ દ્વારા ૨૯/૧૨/૨૦૨૫ના રોજ તેઓ વલસાડ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. આલીપોરના ચેરમેન તરીકે ફરજ બજાવતા હતા. સહકારી કાયદા મુજબ તેમજ સંઘના શિરસ્તા મુજબ તેમની સૂચના/આદેશથી જનરલ મેનેજરે વ્યવસ્થાપક મંડળની મિટિંગ બોલાવવાની હોય છે. તેમજ એજન્ડા તૈયાર કરવાનો હોય છે.તેમની જન બહાર જનરલ મેનેજરે તા.૨૯/૧૨/૨૦૨૫ ના રોજ કહેવાતી સરક્યુલેટિંગ મિટિંગના નામે તમામ ડિરેક્ટરોની હાજરીની સહિ છે. એમ કરી અંધારામાં રાખી સાદા કાગળ ઉપર નવા ડિરેક્ટરોની સહીઓ કરાવેલ છે. જે ગેરકાયદેસર હોય અજાણી વ્યવસ્થાપક મંડળની મિટિંગનું કોઈ ઔચિત્ય રહેતું નહિ હોય આજની વ્યવસ્થાપક મંડળની મિટિંગ રદ્દ કરવીએ પ્રકારની લેખિત રજૂઆત ચેરમેન અને જનરલ મેનેજરને કરવામાં આવતા આજની કારોબારી મંડળની બેઠક રદ્દ કરવામાં આવી હતી.

ઉપરોક્ત સ્થિતિમાં વસુધારા ડેરીના મૅનેજિંગ ડિરેક્ટરનો કાર્યકાળ આજે ૭/જાન્યુઆરી,૨૦૨૬થી પૂર્ણ થતો હોય અને અગામી પાંચ વર્ષની તેમની નિમણુંકના ઠરાવને બેઠક ન યોજાતા બહાલી ન મળી હોય તેવા સંજોગોમાં જિલ્લા રજીસ્ટાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવશે તે જોવું રહ્યું.

જિલ્લા રજીસ્ટાર શ્રી ધ્રુવીલભાઈના જણાવ્યાનુસાર વસુધારા ડેરીમાં ડિરેક્ટરોનો ટેકનીકલ પ્રશ્ન હતો અને નિયમોનુસાર ફરી મિટિંગ બોલાવાની માંગણી હતી. જેથી આજની બેઠક રદ્દ કરી છે.

# અભ્યાસના દબાણથી નવસારીથી ઘર છોડીને સુરત આવેલી ૧૬ વર્ષની વિદ્યાર્થિનીનું સખી વન સ્ટોપ સેન્ટરની મદદથી પરિવાર સાથે પુનઃ મિલન



**સુરત જિલ્લામાં પીડિત મહિલાઓને એક જ સ્થળેથી તાત્કાલિક આશ્રય તથા સંકલિત સેવાઓ પૂરી પાડવા માટે નવી સિવિલ ખાતે સખી વન સ્ટોપ સેન્ટર કાર્યરત છે**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) નવસારી, તા.૦૭**

હાલના ઝડપી યુગમાં શિક્ષણક્ષેત્રે વધતી હરિફાઈ અને અભ્યાસના અતિશય દબાણના કારણે બાળકોમાં માનસિક તણાવ તથા ચિંતા સતત વધી રહી છે. માતા-પિતા દ્વારા ગુજરાતી માધ્યમને બદલે અંગ્રેજી માધ્યમમાં તથા સામાન્ય પ્રવાહને બદલે વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા માટે બાળકો પર દબાણ કરવામાં આવતુ હોય છે. જેના કારણે અનેક બાળકો માનસિક રીતે અસ્થિર બની જાય છે. આવો જ એક ચેતવણીરૂપ કિસ્સો તાજેતરમાં સખી વન સ્ટોપ સેન્ટર-સુરત ખાતે સામે આવ્યો હતો.

નવસારી જિલ્લાના એક પરિવારની ધો.૧૨માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની પરીક્ષામાં નાપાસ થવાની ડરથી સતત તણાવમાં રહેતી હતી. રાત્રિ દરમિયાન વારંવાર તેને નાપાસ થવાના સપનાઓ આવતાં હતા. સુરતના બ્રહ્માકુમારી આશ્રમમાં રહેવાના વિષે સતત વિચારો આવતાં હતા. આ ભય અને આત્મવિશ્વાસના અભાવે દીકરી કોઈ વિચારવિમર્શ કર્યા વિના સપનામાં દેખાયેલ બ્રહ્માકુમારી આશ્રમમાં રહેવાના ઉદ્દેશથી નવસારીથી સુરત આવી હતી.

સુરત આવ્યા બાદ 'શું કરવું અને શું ન કરવું' તેની સમજ ન હોવાથી દીકરીએ ૧૮૧ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કર્યો. ૧૮૧ની ટીમ દ્વારા દીકરીને સુરક્ષિત આશ્રય માટે સખી વન સ્ટોપ સેન્ટર-સુરત ખાતે લાવી દીકરીને સુરક્ષિત આશ્રય આપવામાં આવ્યો. સાથે સહાનુભૂતિ અને લાગણીસભર વાતાવરણ પૂરૂં પાડવામાં આવ્યું તથા સેન્ટરના સ્ટાફ દ્વારા સહજ રીતે કાઉન્સેલિંગ કરી દીકરીને સમજાવવામાં આવ્યું કે, કોઈપણ કાર્યમાં સફળતા માટે આત્મવિશ્વાસ અત્યંત જરૂરી છે. પરીક્ષામાં સફળ થવા માટે નિષ્ઠાપૂર્વક મહેનત કરવી જરૂરી છે અને સકારાત્મક વિચારધારા રાખવાથી સફળતા અવશ્ય મળે છે. નકારાત્મક વિચારો મનમાં ન લાવવાની સમજ આપવામાં આવી. દીકરીના માતા-પિતાનો સંપર્ક પણ કરવામાં આવ્યો.

સેન્ટરના સ્ટાફ દ્વારા માતા-પિતાને સમજ અપાઈ કે, બાળકો પર અભ્યાસ બાબતે કોઈપણ પ્રકારનું દબાણ ન કરવું જોઈએ. તેમના ભણતર સંબંધિત નિર્ણય લેવા માટે તેમને સ્વતંત્રતા આપવી જોઈએ. દરેક બાળકની બુદ્ધિક્ષમતા અલગ હોય છે, તથા બાળકોને એકબીજા સાથે સરખાવવા યોગ્ય નથી. દરેક બાળક કોઈને કોઈ પ્રવૃત્તિમાં વિશેષ ક્ષમતા ધરાવતું હોય છે. સુરત સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફની લાગણીસભર સમજણ અને પ્રેમસભર માર્ગદર્શનના પરિણામે ઘરેથી નીકળી ગયેલી દીકરીનું માતા-પિતા સાથે સુખદ મિલન શક્ય બન્યું. આ રીતે સેન્ટરની ટીમે એક પરિવારને ફરી એકત્રિત કરવાની મહત્વપૂર્ણ સફળતા મેળવી. હાલમાં જ્યારે બોર્ડની પરીક્ષા આવી રહી છે, ત્યારે આવા કોઈ પણ વિદ્યાર્થીઓ માટે સખી વન સ્ટોપ સેન્ટર મદદ માટે હંમેશા તત્પર રહેશે.

આમ, મહિલા અને બાળ અધિકારીશ્રી આર.એન.ગામીત અને દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારીના માર્ગદર્શન હેઠળ સલામત રીતે દીકરીનું પરિવાર સાથે સુખદ મિલન કરવાનાર સખી વન સ્ટોપ સેન્ટરના સ્ટાફની સરાહનીય કામગીરી બદલ દીકરીના માતા-પિતાએ સેન્ટરનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# નવસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઈ રોડ પર વાહનોના અવરજવર પર પ્રતિબંધ ફરમાવ્યો

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) નવસારી, તા.૦૭**

નવસારી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી યોગરાજસિંહ બી.ઝાલાએ મળેલી સત્તાની રૂએ બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઈ રોડ પર બધા જ પ્રકારના વાહનોને ટ્રાફિક રસ્તા પર ૧૧/૦ (કોલેજ સર્કલ)થી ૧૭/૦ (બંસીધર મેટલ્સ)ની વચ્ચે જમણી બાજુ રોડ ઉપર વાહનોના અવરજવર પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

જે અન્વયે ચીખલી ટાઉનથી કોલેજ સર્કલથી વાંસદા તરફ તેમજ વસુધરા ડેરી તરફ જતાં ભારે વાહનચાલકોએ વૈકલ્પિક માર્ગ તરીકે ચીખલી એન.એચ.૪૮ ઓવરબ્રિજના સર્વિસ રોડથી એન.એચ.૪૮નો ઉપયોગ કરી આલીપોર ફલાય ઓવરબ્રિજના વાયડકટમાં થઈ વસુધરા ડેરીથી ચીખલી કોલેજ તરફ જતાં લિન્ક રોડનો ઉપયોગ કરી વાંસદા તરફ જવાનું રહેશે. રાનકુવાથી કોલેજ સર્કલ થઈ ચીખલી ટાઉન તરફ જતા વાહનો ચીખલી કોલેજ સર્કલથી વસુધરા ડેરી તરફ જતાં લિન્ક રોડનો ઉપયોગ કરી એન.એચ.૪૮ આલીપોર ફલાય ઓવર બ્રિજના સર્વિસ રોડથી એન.એચ. ૪૮નો ઉપયોગ કરવાનો રહેશે. નાશિકથી વાંસદા-રાનકુવાથી ચીખલી તરફ જતાં વાહનો રાનકુવાથી ખુડવેલ-ગોલવાડા થઈ ચીખલી તરફ જશે.રાનકુવાથી ટાંકલ-દેગામ-આલીપોર થઈ ચીખલી તરફ જશે.

ચીખલી ટાઉનથી રાનકુવા-વાંસદા તરફ તેમજ રાનકુવા-વાંસદાથી ચીખલી ટાઉન તરફ જતાં નાના વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે)એ ચીખલી બગલાદેવ મંદિરથી ચીખલી, ખેરગામ, ધરમપુર રોડનો ઉપયોગ કરી ચીખલી ખુંધ પોંકડા, બામણવેલરોડ થઈ ખુંધ નિશાળ ફળિયા રોડ થઈ ચીખલી-વાંસદા રોડનો ઉપયોગ કરવાનો રહેશે. બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઈ રોડ ૧૧/૦ (કોલેજ સર્કલ)થી ૧૪/૦ (બામણવેલ પાટિયા) ડાબી તેમજ જમણી બાજુ નાના વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે ) ચીખલી તેમજ વાંસદા તરફ જવા માટે નાના વાહનો (સ્થાનિક રહેવાસીઓ માટે) બીલીમોરા-ચીખલી-વાંસદા-વઘઈ રોડ ૧૧/૦ (કોલેજ સર્કલ)થી ૧૪/૦ (બામણવેલા પાટિયા) જમણી બાજુનો ટુ-લેન ટુ-વે ટ્રાફિક તરીકે ઉપયોગ કરવાનો રહેશે. આ હુકમ તાત્કાલિક અસરથી આગામી તા.૧૦/૦૨/૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

**મહિલાઓના સશક્તિકરણ, સુરક્ષા અને ન્યાય તરફનું મહત્વપૂર્ણ પગલું એટલે સખી વન સ્ટોપ સેન્ટર**

# વલસાડ જિલ્લામાં સખી વન સ્ટોપ સેન્ટરને ૭ વર્ષ પૂર્ણ, અત્યાર સુધી કુલ ૧૪૩૭ મહિલાઓએ વિવિધ સેવાનો લાભ મેળવ્યો

**વર્ષ ૨૦૧૭ થી રાજ્યના ૩૩ જિલ્લામાં કાર્યરત ૩૫ સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા હિંસાથી પીડિત મહિલાઓને એક જ છત નીચે વિવિધ સેવા વિનામૂલ્યે મળે છે**




**વિવિધ સેવાઓનો લાભ મેળવનાર બહેનોની વિગત**

આશ્રય સેવાનો કુલ ૪૨૪ બહેનોએ લાભ લીધો છે, જેમાં ૩૧૨ બહેનોનું પરિવાર સાથે પુનઃસ્થાપન કરાવવામાં આવ્યું છે. નારી સંરક્ષણ કેન્દ્ર ખૂંધ (ચીખલી) ખાતે ૨૦ કેસ રીફર કર્યા હતા. બાળ સુરક્ષા એકમ સાથે સંકલન કરી ૨૪ બાળકીનું પરિવાર સાથે પુનઃસ્થાપન કર્યુ છે. પોલીસ વિભાગને ૨૧ કેસ અને અન્ય સંસ્થાઓમાં ૩૮ કેસ રીફર કરવામાં આવ્યા છે. સ્વેચ્છાએ ૯ કેસ આવ્યા હતા. અન્ય સેવાઓની વિગત જોઈએ તો, તબીબી સેવાનો ૨૬૪ બહેનો, પોલીસ સેવાનો ૩૬ બહેનો અને કાયદાકીય સેવાનો ૪૭ બહેનોએ લાભ લીધો હતો.

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૭**

વલસાડ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૧૯થી વલસાડની સિવિલ હાસ્પિટલના કેમ્પસમાં આવેલી GMERS જનરલ હોસ્પિટલના બ્લોક નં.૨માં કાર્યરત સખી વન સ્ટોપ સેન્ટર (One Stop Centre - OSC)ને ૭ વર્ષ પૂર્ણ થયા છે. આ સાત વર્ષ દરમિયાન કુલ ૧૪૩૭ મહિલાઓને વિવિધ સેવાઓનો લાભ આપવામાં આવ્યો છે.

ભારત સરકારના મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા તમામ રાજ્યોમાં હિંસાથી અસરગ્રસ્ત મહિલાઓને એક જ સ્થળેથી તાત્કાલિક આશ્રય તથા સંકલિત સેવાઓ પૂરી પાડવા માટે ઓગસ્ટ ૨૦૧૬થી વન સ્ટોપ સેન્ટર (One Stop Centre – OSC) સખી યોજના શરૂ કરવામાં આવી છે. હાલમાં રાજ્યના ૩૩ જિલ્લા ખાતે ૩૫ વન સ્ટોપ સેન્ટર વર્ષ ૨૦૧૭ થી કાર્યરત છે.

આ યોજનાનો હેતુ હિંસાથી પીડિત કોઈપણ કિશોરી / મહિલાને એક જ સ્થળેથી તેને જરૂરી હોય તેવી તમામ સુવિધા પૂરી પાડવાનો છે. સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા હિંસાથી અસરગ્રસ્ત કોઈપણ કિશોરી / મહિલાઓને તાત્કાલિક તબીબી સારવાર, આશ્રય, કાયદાકીય સલાહ / માર્ગદશન, પોલીસ સહાય તથા પ્રિ અને પોસ્ટ મેરેજ કાઉન્સેલીંગ જેવી સેવાઓ તાત્કાલિક ધોરણે પૂરી પાડવામાં આવે છે. આ કેન્દ્રમાં હિંસાથી પીડિત મહિલાઓને એક જ સ્થળે વિવિધ પ્રકારની સેવાઓ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

આ કેન્દ્ર ખાસ કરીને ઘરેલું હિંસા, જાતીય શોષણ, માનસિક ત્રાસ, દહેજ હેરાનગતિ, માનવ તસ્કરી સહિતના કેસોમાં પીડિત મહિલાઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે. મહિલાઓ ૧૮૧ મહિલા હેલ્પલાઈન પર ફોન કરીને અથવા સીધા વન સ્ટોપ સેન્ટરનો સંપર્ક કરીને સહાય મેળવી શકે છે.

આજદિન સુધીમાં સેન્ટર પર આવેલા કેસોની વિગત જોઈએ તો, ઘરેલું હિંસાથી પીડિત ૬૯૨ મહિલાઓ, જાતીય સતામણીના ૪૫ કેસ અને અન્ય ૭૦૦ કેસ આવ્યા છે. જેમાં તબીબી સહાય, મિલકત સંબંધિત વિવાદ, પ્રેમ પ્રકરણ, પોલીસ અથવા બાળ સુરક્ષા એકમ દ્વારા ફક્ત આશ્રય માટે મોકલાયેલા કેસ, હતાશા અને ચિંતાના કેસ, તેમજ માનસિક રીતે અસ્વસ્થ બહેનોને આશ્રય અને તબીબી સહાય, પ્રિ મેરેજ તથા પોસ્ટ મેરેજ કાઉન્સેલિંગ જેવા વિવિધ પ્રકારના કેસોનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકાયેલી આ યોજના મહિલાઓના સશક્તિકરણ, સુરક્ષા અને ન્યાય તરફનું મહત્વપૂર્ણ પગલું છે.સમાજના દરેક વર્ગે આવી સેવાઓ અંગે જાગૃતિ ફેલાવવી અતિઆવશ્યક છે, જેથી જરૂરિયાતમંદ મહિલાઓને સમયસર સહારો મળી શકે.

# ખડકી પ્રાથમિક શાળાના નિવૃત્ત શિક્ષિકા ઈલાબેન પટેલનું ગાંધીનગર ખાતે સન્માન કરાયું






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૭**

વલસાડ જિલ્લાની પારડી તાલુકાની ખડકી પ્રાથમિક શાળાની શિક્ષિકા શ્રીમતી ઈલાબેન વસંતલાલ પટેલ જેઓ ઓક્ટોબર ૨૦૨૫માં વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા હતા.

ગુજરાત રાજ્ય અને રાષ્ટ્રીય એવોર્ડ ટીચર્સ ફેડરેશનના ગૌરવ અભિવાદન સમારોહ ગાંધીનગર ખાતે તારીખ ૦૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ આનંદ નિકેતન સુઘડ ખાતે યોજાયો હતો. આ સન્માન સમારોહમાં રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રી શ્રીમતી રિવાબા જાડેજા તથા પૂર્વ કેબિનેટ શિક્ષણ મંત્રી ડો.કુબેરભાઈ ડીંડોર દ્વારા રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા એવા ઈલાબેનને કચ્છી શાલ, શિલ્ડ, ટ્રોફી, 'ગીતામૃતમ' આસ્વાદ ધર્મ પુસ્તર વગેરે દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગુજરાત રાજ્યની એસટી બસોમાં નિઃશુલ્ક મુસાફરીના સ્માર્ટ કાર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો.

એક અદના સારસ્વત તરીકે પૂર્ણ પ્રતિબદ્ધતા સાથે વિદ્યા, વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો તથા સમાજના પ્રત્યેક વર્ગ માટે શ્રીમતી ઈલાબેન પ્રેરણારૂપ બનીને શૈક્ષણિક કાર્યમાં નિત્ય નૂતન પ્રયોગો થકી શિક્ષણની યાત્રાને વધારે સરળ, સહજ અને આનંદમયી બનાવી છે.એ એમની ભીતર રહેલી અપાર નિષ્ઠા અને આગવી સૂઝનું પ્રતિબિંબ છે. એમના આ વિરલ કાર્યની નોંધ શિક્ષક-સમાજ અને સરકારે લીધી છે અને એ ધન્યતાની પળ છે. માનનીય મહામહિમ રાજ્યપાલશ્રીના વરદ હસ્તે 'શ્રેષ્ઠ શિક્ષક રાજ્ય પારિતોષિક' પ્રાપ્ત કરીને શિક્ષક સમાજને ગૌરવાન્વિત કરવાની સાથે સાથે ખંત, ખમીર અને ખુમારી દ્વારા સમર્પિત ભાવે સામાજિક જાગૃતિ માટે એમણે કરેલા પ્રયત્નોને ગુજરાત સરકારે બિરદાવ્યા છે. સમગ્ર રાજ્યના શિક્ષક સમાજ માટે એમણે મેળવેલી ગૌરવરૂપ સિદ્ધિનું અભિવાદન કરતાં હર્ષ અને લાગણી સાથે આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

આ અધિવેશનમાં શ્રીમતી રીટાબેન પટેલ ધારાસભ્ય ગાંધીનગર, ડો.ટી.એસ. જોષી. વાઈસ ટ્રાન્સલેટર ચિલ્ડ્રન યુનિવર્સિટી ગાંધીનગર, શિક્ષણવિદ અને સાહિત્યકાર શ્રી રતિલાલ બોરીસાગર, ડો.ભગવાનભાઈ પ્રજાપતિ, જિલ્લા શિક્ષણાધિકારી ગાંધીનગર તથા શ્રી વિવેક પટેલ મેનેજિંગ ટ્રસ્ટી વગેરે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા.

# વલસાડના બોદલાઈ ગામમાં આંબા પાકમાં જીવામૃતના ઉપયોગની તાલીમ યોજાઈ




**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક) વલસાડ, તા.૦૭**

વલસાડ તાલુકાના બોદલાઈ ગામમાં પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોમ્યુનિટી રિસોર્સ પર્સન વિકાસ પટેલ અને કૃષિ સખી કમળાબેન હાજર રહ્યા હતા. ગાંધીનગર વડી કચેરી દ્વારા આંબા પાકમાં જીવામૃત અને ખાટી છાશ, અર્ક વિશેના શું ફાયદા થાય તે માહિતી આપી હતી. આ સિવાય પ્રાકૃતિક ખેતીમાં પાંચ આયામનો કઈ રીતે ઉપયોગ કરી શકાય એની સવિસ્તારથી માહિતી આપવામાં આવી હતી.

**નવસારી જિલ્લા તેમજ ચીખલી તાલુકાના ગામોની પ્રેસનોટ, જાહેર ખબર, અવસાન નોંધ, જન્મદિવસની શુભેચ્છાઓ સહિત અન્ય જાહેરાતો માટે સંપર્ક કરોઃ**
**દિપક સોલંકી : 98796 87316**

સમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક
વર્તમાન પ્રવાહ

## તંત્રી લેખ

# વિશ્વયુદ્ધના ભણકારા

**યુ.એસ.એ. વેનેઝુએલામાંથી મોટા પેટ્રોલિયમ કાઢવાની તૈયારી કરું રહ્યું છે, એવામાં રશિયાએ એટલાન્ટિક મહાસાગરમાં યુદ્ધ જહાજો અને સબમરીન તૈનાત કરી દેતાં વૈશ્વિક તણાવ વધવાનો મંડરાયેલો ખતરો**



**ઈસુ**ના નવા વર્ષ ૨૦૨૬ની શરૂઆત વૈશ્વિક રાજકારણમાં ખળભળાટ સાથે થઈ છે. વેનેઝુએલાના વિશાળ પેટ્રોલીયમ ભંડાર પર કબજો જમાવવા યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા(યુ.એસ.એ.)એ લેનિટ અમેરિકન દેશ વેનેઝુએલાના પાટનગર કરાકાસ પર હુમલો કરીને રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોનું પત્નિ સંગ અપહરણ કર્યું અને સત્તાપલટો કરાવ્યો. યુ.એસ.એ. વેનેઝુએલામાંથી મોટા પેટ્રોલિયમ કાઢવાની તૈયારી કરું રહ્યું છે, એવામાં રશિયાએ એટલાન્ટિક મહાસાગરમાં યુદ્ધ જહાજો અને સબમરીન તૈનાત કરી દીધી છે, જેના કારણે વૈશ્વિક તણાવ વધવાની શક્યતા છે.

અહેવાલ મુજબ રશિયાનું એક વિશાલ ઓઈલ ટેન્કર બેલા-૧ વેનેઝુએલામાં ફસાયેલું હતું, જે એટલાન્ટિક મહાસાગરથી રશિયા તરફ રવાના થયું છે, આ દરમિયાન યુ.એસ.એ. સેના દ્વારા તેનો પીછો કરવામાં આવી રહ્યો છે, આ ઓઈલ ટેન્કરની સુરક્ષા માટે રશિયન નેવીએ યુદ્ધ જહાજો અને સબમરીન તૈનાત કર્યા છે.

અહેવાલ મુજબ હાલ આ જહાજમાં ઓઈલ ભરેલું નથી, પરંતુ ભૂતકાળમાં આ જહાજે અનેક વખત વેનેઝુએલાનું ક્રૂડ ઓઇલ રશિયા પહોંચાડ્યું છે. મંગળવારે સ્કોટલેન્ડ અને આઈસલેન્ડ વચ્ચે પહોંચ્યું હતું.

**ટ્રમ્પના આદેશ પર નાકાબંધી**

ગત મહીને યુ.એસ.એ.ના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે તેઓ વેનેઝુએલામાં પ્રવેશતા અને ત્યાંથી બહાર નીકળતા પ્રતિબંધિત તેલ ટેન્કરોની નાકાબંધી કરવાનો આદેશ આપી રહ્યા છે. અહેવાલ મુજબ ગત મહિને યુ.એસ.એ.ના કોસ્ટ ગાર્ડે કેરેબિયન સમુદ્રમાં વેનેઝુએલા તરફ જઈ રહેલા રશિયાના ઓઈલ ટેન્કર બેલા-૧ પર ચઢવાનો પ્રયાસ કર્યો હતો, જહાજ પર યુ.એસ.એ. પ્રતિબંધોનો ભંગ કરવાનો આરોપ લાગવવામાં આવ્યો હતો.

ટેન્કર વેનેઝુએલામાં ડોક થઈ શક્યું નહીં અને ઓઈલ લોડ કરી શક્યું નહીં. જહાજ ખાલી હાલતમાં પરત ફર્યું. આ દરમિયાન યુ.એસ.એ. નેવી દ્વારા એટલાન્ટિક મહાસાગરમાં તેનો પીછો કરવામાં આવ્યો.

નોંધનીય છે કે નિકોલસ માદુરો અને તેમની પત્ની સિલિયા ફલોરેસનું અપહરણ કરવા બદલ રશિયાએ યુ.એસ.એ.ની કડક ટીકા કરી હતી. રશિયાએ યુનાઈટેડ નેશન્સ ઓર્ગેનાઈઝેશનમાં નિકોલસ માદુરોને તાત્કાલિક મુક્ત કરવા જણાવ્યું હતું. ચીને પણ આવી જ માંગ કરી હતી.

# મોડે સુધી જાગવાની અને અનિયમિત સમયે ભોજન લેવાની આદત સ્થૂળતા હાઈ બ્લડપ્રેશર, હાઈ કૉલેસ્ટરોલ અને હૃદયરોગનું જોખમ વધારે છે



**આ**ધુનિક જીવનશૈલીમાં મોડે સુધી જાગવાની અને અનિયમિત સમયે ભોજન લેવાની આદત સામાન્ય બની ગઈ છે, પરંતુ નિષ્ણાતો ભારપૂર્વક ચેતવણી આપે છે કે આ બન્ને આદતો તમારા હૃદયના સ્વાસ્થ્ય માટે ગંભીર જોખમી પરિબળો છે. આની પાછળનું મુખ્ય કારણ તમારા શરીરની આંતરિક ઘડિયાળ એટલે કે સર્કેડિયન રિધમ સાથે જોડાયેલું છે. આપણા શરીરનાં તમામ કાર્યો ૨૪ કલાકના ચક્ર દ્વારા નિયંત્રિત થાય છે, જેને સર્કેડિયન રિધમ કહેવાય છે. ઊંઘ અને ખોરાક લેવાનો સમય આ રિધમ સાથે સુસંગત એટલે કે લયમાં હોવો જોઈએ. જ્યારે આ લય તૂટી જાય છે ત્યારે શરીરની ચયાપચયની પ્રક્રિયા ખોરવાઈ જાય છે. મોડે સુધી જાગવાથી શરીરને લાગે છે કે એ હજી દિવસનો સમય છે જેથી શરીરમાં હૉર્મોનલ સિક્રેશન ખોરવાય છે જેમ કે ઊંઘ લાવતા હૉર્મોન મેલાટોનિનનું ઉત્પાદન ઘટી જાય છે અને સ્ટ્રેસ હૉર્મોન ગણાતા કૉર્ટિઝોલનું સ્તર વધી શકે છે. કૉર્ટિઝોલનું ઊંચું સ્તર બ્લડપ્રેશર અને હૃદયના ધબકારામાં વધારો કરી શકે છે જે લાંબા ગાળે હૃદય પર તાણ વધારે છે.

બીજું, શરીર ખોરાકને પચાવવા અને ગ્લુકોઝનો ઉપયોગ કરવા માટે દિવસ દરમિયાન સૌથી વધુ સક્ષમ હોય છે. જ્યારે તમે અનિયમિત સમયે ખાસ કરીને મોડી રાત્રે ભોજન લો છો ત્યારે શરીર આ ફેરફારને અસરકારક રીતે સંચાલિત કરી શકતું નથી. રાત્રિના સમયે ઈન્સ્યુલિનની સંવેદનશીલતા ઓછી હોય છે. મોડેથી જમવાથી બ્લડ શુગરનું સ્તર અસામાન્ય રીતે ઊંચું થઈ શકે છે, જે લાંબા ગાળે ટાઈપ ટૂ ડાયાબિટીઝ તરફ દોરી જાય છે. ડાયાબિટીઝ હૃદયરોગનું મુખ્ય જોખમી પરિબળ છે. એ જ રીતે રાત્રે ખાવાથી કૅલરી બર્ન થવાને બદલે ચરબી તરીકે સંગ્રહ થવાની શક્યતા વધી જાય છે, જેનાથી સ્થૂળતા વધે છે. સ્થૂળતા હાઈ બ્લડપ્રેશર, હાઈ કૉલેસ્ટરોલ અને હૃદયરોગનું જોખમ સીધું વધારે છે. અનિયમિત ઊંઘ અને ખાવાની પૅટર્ન તમારા લોહીના માપદંડોને નકારાત્મક રીતે અસર કરે છે. અપૂરતી અને અનિયમિત ઊંઘ બ્લડપ્રેશરને સ્થિર થવા દેતી નથી. ઊંઘ દરમિયાન બ્લડપ્રેશર કુદરતી રીતે ઘટે છે પરંતુ જે લોકો મોડે સુધી જાગે છે અથવા તેમની ઊંઘ ખોરવાય છે, તેમનું બ્લડપ્રેશર રાત્રે ઊંચું રહે છે જે હૃદયની ધમનીઓ પર વધારાનો બોજ મૂકે છે.

મોડેથી જમવાથી અને સર્કેડિયન રિધમમાં વિક્ષેપ આવવાથી ચરબીનું ચયાપચય ખોરવાય છે. આનાથી ખરાબ કૉલેસ્ટરોલનું સ્તર વધી શકે છે જે ધમનીઓમાં જામીને હાર્ટઅટૅકનું જોખમ વધારે છે. અનિયમિત જીવનશૈલીને કારણે શરીરમાં ક્રૉનિક સોજો પેદા થાય છે. આ સોજો હૃદયરોગ માટે એક મૂળભૂત કારણ છે, કારણ કે એ ધમનીઓની દીવાલોને નુકસાન પહોંચાડી શકે છે અને ધમનીઓની સ્ટિફ થવાની પ્રક્રિયાને વેગ આપે છે. જો આ બધું જ થાય એવું ઈચ્છતા હો તો મોડે સુધી જાગવાનું અને ગમે તે સમયે ખાવાનું ચાલુ રાખો.

**આ ત્રણ આદત અપનાવશો તો તમે સુખી થશો**

દરરોજ લગભગ સાતથી આઠ કલાકની ગુણવત્તાયુક્ત ઊંઘ લેવાનો પ્રયાસ કરો અને દરરોજ એક જ સમયે સૂવા અને જાગવાનું સમયપત્રક જાળવો.

સૂતાં પહેલાં ઓછામાં ઓછા બેથી ત્રણ કલાક પહેલાં રાતનું ભોજન લઈ લેવું જોઈએ.

રાત્રે વધુ પડતી કૅલરી, ખાંડવાળા અથવા ચરબીયુક્ત ખોરાક ટાળો.

# કુળનો નાશ થતાં સનાતન કુળધર્મો નષ્ટ થઈ જાય છે અને ધર્મનો નાશ થતાં સમસ્ત કુળને પાપ દબાવી દે છે

**કુળ**નો નાશ કરવાથી થનારા જે દોષોને અમે જાણીએ છીએ એ દોષો કયા છે? એ દોષોની પરંપરા આગળના પાંચ શ્લોકો(૧/૪૦૪૪)માં બતાવે છે.

કુલક્ષયે પ્રણશ્યન્તિ કુલધર્માઃ સનાતનાઃ
ધર્મે નષ્ટે કુલં કૃત્સ્નમધર્મોભિભવત્યુત

કુળનો નાશ થતાં સનાતન કુળ ધર્મો નષ્ટ થઈ જાય છે અને ધર્મ નાશ પામતાં બચેલા સમસ્ત કુળને પાપ દબાવી દે છે.(૧/૪૦)

ધર્મ એક જ છે સનાતન ધર્મ, પણ ઉપ ધર્મો અનેક છે, જેમાં એક કુળ ધર્મ છે. જાતિઓ અને ઉપ જાતિઓમાં પણ જુદાંજુદાં કુળો હોય છે જેમ કે રઘુકુળ, યદુકુળ વગેરે. પ્રત્યેક કુળની પોતપોતાની કાંઈક વિશેષતાઓ હોય છે. આ વિશિષ્ટતાને કુળધર્મ કહેવાય છે. હીનકુળની કન્યાને પરણવાથી કેટલીકવાર આવી વિશિષ્ટતા લુપ્ત થઈ જવાની સંભાવના રહેતી હોય છે, તેથી વરકન્યાનું કુળ જોવાની પદ્ધતિ રખાઈ છે. પોતપોતાના કુળોની વિશેષતાઓને અહીં અર્જુન સનાતન કુળ ધર્મો કહે છે, જો કે તે સનાતન નથી હોતા. કુળો પોતે જ સનાતન નથી હોતાં. કુળો ઉત્પન્ન થાય છે અને નષ્ટ થાય છે એટલે અહીં સનાતન શબ્દ દીર્ઘજીવી અર્થમાં છે.

જ્યારે યુદ્ધ થાય છે ત્યારે એમાં કુળ(વંશ)નો નાશ થાય છે. જ્યારથી કુળનો આરંભ થયો છે ત્યારથી કુળના ધર્મો એટલે કે કુળની પવિત્ર પરંપરાઓ, પવિત્ર રીતો, મર્યાદાઓ પણ પરંપરાથી ચાલતી આવી છે પરંતુ જ્યારે કુળનો નાશ થઈ જાય છે ત્યારે હંમેશાં કુળની સાથે રહેનારા ધર્મો પણ નાશ પામે છે, એટલે કે જન્મ વખતે, દ્વિજાતિ સંસ્કારના સમયે, વિવાહના સમયે, મૃત્યુના સમયે અને મૃત્યુ પછી કરવામાં આવતા જે જે શાસ્ત્રીય પવિત્ર રીતરિવાજો છે કે જે જીવતા અને મરણ પામેલા મનુષ્યોને માટે આ લોકમાં અને પરલોકમાં કલ્યાણ કરનારા છે એ નષ્ટ થઈ જાય છે, કારણ કે જ્યારે કુળનો જ નાશ થઈ જાય છે ત્યારે કુળના આધારે ટકનારા ધર્મો કોના આધારે રહેશે?

જ્યારે કુળની મર્યાદાઓ, પવિત્ર આચરણો નાશ પામે છે, ત્યારે ધર્મનું પાલન નહીં કરવું અને ધર્મથી વિરૂદ્ધ કામ કરવું એટલે કે કરવા યોગ્ય કાર્ય ન કરવું અને નહીં કરવા યોગ્ય કાર્ય કરવા રૂપી અધર્મ સમગ્ર કુળને દબાવી દે છે એટલે કે સમગ્ર કુળમાં અધર્મ છવાઈ જાય છે. હવે અહીં પ્રશ્ન થાય કે જ્યારે કુળનો નાશ થઈ જશે, કુળ રહેશે જ નહીં ત્યારે અધર્મ કોને દબાવી દેશે? એનો જવાબ એ છે કે લડવા યોગ્ય જે પુરૂષો છે તે તો યુદ્ધમાં માર્યા જાય છે પરંતુ જે લડાઈને યોગ્ય નથી હોતાં એવાં બાળકો અને સ્ત્રીઓ પાછળ બચી જાય છે એમને અધર્મ દબાવી છે, કારણ કે જ્યારે શસ્ત્ર, શાસ્ત્ર, વ્યવહાર વગેરેના જાણકાર અને અનુભવી પુરૂષો યુદ્ધમાં મરણ પામે છે ત્યારે પાછળ બચી ગયેલાં લોકોને સારૂં શિક્ષણ આપનારા, એમનામાં શિસ્ત લાવનારા રહેતા નથી. આથી મર્યાદાનું, વ્યવહારનું જ્ઞાન ન હોવાથી તેઓ મનમાન્યુ આચરણ કરવા મંડી જાય છે એટલે કે તેઓ કરવા યોગ્ય કાર્ય તો કરતા નથી અને નહીં કરવા યોગ્ય કાર્ય કરવા મંડી જાય છે એટલે એમનામાં અધર્મ ફેલાઈ જાય છે.

કોઈનું કુળ નષ્ટ થઈ ગયું તો હવે શું થશે? તે બતાવતાં અર્જુન કહે છે કે..

અધર્માભિભવાત્કૃષ્ણ પ્રદુષ્યન્તિ કુલસ્ત્રિયઃ
સ્ત્રીષુ દુષ્ટાસુ વાર્ષ્ણેય જાયતે વર્ણસંકરઃ

હે કૃષ્ણ! અધર્મ ઘણો વધી જતાં કુળની સ્ત્રીઓ દૂષિત થઈ જાય છે અને હે વાર્ષ્ણેય! જ્યારે સ્ત્રીઓ દૂષિત થાય છે ત્યારે વર્ણશંકર પ્રજા જન્મે છે. (ગીતાઃ૧/૪૧)

ધર્મનું પાલન કરવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે. અંતઃકરણ શુદ્ધ બનવાથી બુદ્ધિ સાત્વિક બને છે, સાત્વિક બુદ્ધિમાં શું કરવું જોઈએ અને શું નહીં કરવું જોઈએ એનો વિવેક જાગ્રત રહેતો હોય છે પરંતુ જ્યારે અધર્મ વધી જાય છે ત્યારે આચરણો અશુદ્ધ થવા લાગે છે જેથી અંતઃકરણ અશુદ્ધ થઈ જાય છે. અંતઃકરણ અશુદ્ધ થવાથી બુદ્ધિ તામસી થઈ જાય છે. બુદ્ધિ તામસી થવાથી મનુષ્ય અકર્તવ્યને કર્તવ્ય અને કર્તવ્યને અકર્તવ્ય માનવા લાગી જાય છે એટલે એનામાં શાસ્ત્રની મર્યાદાની વિરૂદ્ધ વિચારો આવવા લાગે છે. આ વિપરીત બુદ્ધિને કારણે કુળની સ્ત્રીઓ દૂષિત એટલે કે વ્યભિચારિણી બની જાય છે.

સ્ત્રીઓ દૂષિત થવાથી વર્ણશંકર પેદા થઈ જાય છે.



**ગીતામૃતમ્**

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી, તા. શહેરા, જી. પંચમહાલ
(મો.) ૯૭૨૬૧ ૬૬૦૭૫

પરસ્પર વિરૂદ્ધ ગુણોના મિશ્રણથી જે ચીજ બને છે તેને સંકર કહે છે. જ્યારે કર્તવ્યનું પાલન થતું નથી ત્યારે ધર્મસંકર, વર્ણસંકર, જાતીસંકર, કુળસંકર, વેશસંકર,




ભાષાસંકર, આહારસંકર વગેરે અનેક સંકરદોષો આવી જાય છે. પુરૂષ અને સ્ત્રી બંન્ને જુદી જુદી જાતનાં હોવાથી એમનાથી જે સંતાનો જન્મે છે તે વર્ણસંકર કહેવાય છે.

અર્જુન અહીં કૃષ્ણ સંબોધન આપીને એ કહી રહ્યા છે કે આપ બધાને ખેંચનાર હોવાથી કૃષ્ણ કહેવાઓ છો, તો આપ એ બતાવો કે અમારા કુળને આપ કઈ તરફ ખેંચશો એટલે કે ક્યાં લઈ જશો. વાર્ષ્ણેય સંબોધન કરવાનો ભાવ એ છે કે આપ વૃષ્ણિવંશમાં અવતાર લેવાના કારણે વાર્ષ્ણેય કહેવાઓ છો પરંતુ જ્યારે અમારા કુળનો નાશ થઈ જશે ત્યારે અમારા વંશજો કયા કુળના કહેવાશે? આથી કુળનો નાશ કરવો યોગ્ય નથી.

**જે પતિ અને પરિવારની મર્યાદામાં રહે તે સ્ત્રી કુળવાન કહેવાય. જે બધી મર્યાદાઓ તોડીને રખડતી ભટકતી થઈ જાય તે કદાચ કુલટા થઈ જાય. સ્ત્રીને સાચવવી જોઈએ, સચવાયેલી સ્ત્રી જ સુખી થતી હોય છે અને સુખી કરતી હોય છે. જે સુખી કરે તે જ સુખી થાય. જે કુળવાન સ્ત્રી હોય, પતિ વિનાની હોય તો પણ તે મર્યાદામાં રહીને પોતાને સાચવી લેતી હોય છે પણ જ્યારે આવી પતિ વિનાની સ્ત્રીઓનો વિશાળ સમુહ થઈ જાય અને લાંબા સમય સુધી પતિ વિના રહેવાનું થાય તો આવી સ્ત્રીઓ પણ મુગ્ધાવસ્થામાં પોતાને સાચવી ન શકે.** કામવાસના ભલાભૂંડાનો કે ખરા-ખોટાનો ભેદ કરતી નથી. તે સંતઋષિ મુનિઓને પણ છોડતી નથી, તે આંધળી હોય છે અને તેનો વંટોળીયો પ્રચંડ હોય છે, તેમાં માત્ર પાંદડાં જ નહીં પણ વૃક્ષોના વૃક્ષો ધરાશાયી થઈ જતાં હોય છે, એટલે બિચારી સ્ત્રીનું ગજું કેટલું? પુરૂષ કરતાં સ્ત્રીની કામવાસના આઠ ગણી વધારે હોય છે. વાસનાના પૂરમાં ભલભલા તપસ્વીઓ તણાઈ જતા હોય છે તો બિચારી સ્ત્રીની તો વાત જ શી? તે તણાઈ જાય છે. એકવાર પગ ઉપડી જાય પછી તેને ફરીથી ટેકવવો કઠીન થઈ જાય છે, તે તણાય છે અને બીજાને તાણે છે. આવી સ્ત્રીઓમાંથી જે પ્રજા થાય છે તે વર્ણસંકર કહેવાય છે એટલે કે તેનામાં કુળધર્મો ઉતરતા નથી. આવી સંકર પ્રજા ઉત્તમ કહેવાતી નથી.

અર્જુન કહે છે તો કેવી હોય છે? અર્જુન (૧/૪૨)માં બતાવે છે કે..

સંકરો નરકાયૈવ કુલઘ્નાનાં કુલસ્ય ચ
પતન્તિ પિતરો હ્યેષાં લુપ્તપિણ્ડોદકક્રિયાઃ

વર્ણસંકર કુળના હણનારાઓને તથા કુળને નરકમાં લઈ જનારા જ હોય છે, વર્ણસંકર પુત્ર નરક જ પ્રાપ્ત કરાવનારો હોય છે. તે કુલહંતા અને કુળનો નાશ કરનારો હોવાથી તેના પિતૃઓ પિંડ અને તર્પણ ક્રિયાથી વંચિત આ કુલઘાતિઓના પિતૃઓ પણ પોતાના સ્થાનથી અધોગતિને પામે છે.

મિશ્રજાતિથી જન્મેલા વર્ણસંકર સંતાનમાં ધર્મબુદ્ધિ હોતી નથી, તે મર્યાદાઓનું પાલન કરતો નથી કેમકે તે પોતે જ મર્યાદાઓના અભાવમાં જન્મેલો હોય છે એટલે એનો પોતાનો કુળધર્મ ન હોવાથી તે એનું પાલન કરતો નથી, ઉલ્ટાનું કુળધર્મ એટલે કે કુળની મર્યાદાની વિરૂદ્ધનું આચરણ કરે છે. જેમને યુદ્ધમાં પોતાના કુળનો સંહાર કરી નાખ્યો છે એમને કુળઘાતી કહે છે. વર્ણસંકર એવા કુળઘાતીઓને નરકમાં લઈ જાય છે. માત્ર કુળઘાતીઓને જ નહીં ઉલ્ટાના કુળની પરંપરાનો નાશ થવાથી સમગ્ર કુળને પણ તે નરકોમાં લઈ જાય છે. જેમને પોતાના કુળનો નાશ કરી દીધો છે એવા એ કુળઘાતીઓના પિતૃઓને વર્ણસંકર દ્વારા પિંડ અને પાણી (શ્રાદ્ધ અને તર્પણ) નહીં મળવાથી એ પિતૃઓનું પતન થઈ જાય છે કારણ કે જ્યારે પિતૃઓને પિંડપાણી મળતું રહે છેત્યારે તેઓ એ પુણ્યના પ્રભાવથી ઊંચા લોકોમાં નિવાસ કરે છે પરંતુ જ્યારે એમને પિંડપાણી મળતું બંધ થઈ જાય છે ત્યારે એમનું ત્યાંથી પતન થઈ જાય છે એટલે કે એમનું સ્થાન એ લોકોમાં રહેતું નથી.

પિતૃઓને પિંડપાણી ન મળવામાં કારણ એ છે કે વર્ણસંકરોની પૂર્વજો પ્રત્યે આદર બુદ્ધિ હોતી નથી, આથી તેઓમાં પિતૃઓ માટે શ્રાદ્ધતર્પણ કરવાની ભાવના જ હોતી નથી. કદાચ લોકલાજે તેઓ શ્રાદ્ધતર્પણ કરે તો પણ શાસ્ત્રની વિધિ પ્રમાણે એમનો શ્રાદ્ધતર્પણમાં અધિકાર ન હોવાથી એ પિંડપાણી પિતૃઓને મળતું નથી. આ રીતે જ્યારે પિતૃઓને આદરપૂર્વક અને શાસ્ત્રવિધિ પ્રમાણે પિંડપાણી મળતું નથી ત્યારે એમનું પોતાના સ્થાનમાંથી પતન થઈ જાય છે.

અર્જુને એક ગંભીર વિષયની ચર્ચા કરી છે. વર્ણસંકર પ્રજા કુળનો નાશ કરે છે અને તેના પિતૃઓ નરકમાં પડે છે. કારણ કે તેમને પિંડદાન પ્રાપ્ત થતું નથી. અહીં પહેલો પ્રશ્ન એ થાય છે કે સ્વર્ગનર્કમાં થનારી દશા પોતપોતાનાં કર્મોથી થતી હોય છે તો પછી કોઈ પિંડદાન જેવી ક્રિયા કરે કે ન કરે તેથી શું? અને પિંડદાન વગેરે ક્રિયાથી સ્વર્ગનર્કની પ્રાપ્તિ થતી હોય તો પોતાનાં કર્મોનું શું? કર્મનો સિદ્ધાંત ન રહે. મને એવું લાગે છે કે પિંડાદિક ક્રિયામાત્ર પ્રતિકમાત્ર છે. તેના દ્વારા આપણે મૃતકનો આભારઅહેસાન માનીએ છીએ જેથી તેમને તૃપ્તિ થાય, સંતોષ થાય. વર્ણસંકર પ્રજા કોઈનો આભાર માનતી નથી અને તેમના વ્યવહારથી પિતૃઓને જે પીડા થાય છે તે જ નરક કહેવાય. પિતૃઓમાં એક આજાન પિતૃ હોય છે અને એક મર્ત્ય(મરેલા) પિતૃ હોય છે. પિતૃલોકમાં રહેનારા પિતૃઓ આજાન છે અને મૃત્યુલોકમાંથી મૃત્યુ પામીને ગયેલા પિતૃઓ મર્ત્ય છે. શ્રાદ્ધ અને તર્પણ નહીં મળવાથી મર્ત્ય પિતૃઓનું પતન થાય છે. પતન એ જ પિતૃઓનું થાય છે જે કુટુંબ સાથે, સંતાન સાથે સંબંધ રાખે છે અને તેમની પાસે શ્રદ્ધાતર્પણની આશા રાખે છે.

# ઈમિગ્રેશનમાં ઘટાડો છતાં વિદ્યાર્થીઓની પહેલી પસંદ કેનેડા!: PR મેળવવું બ્રિટન કરતાં સરળ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૭**

વિદેશમાં ભણીને ત્યાં જ સ્થાયી થવાનું સપનું જોતા ભારતીય વિદ્યાર્થીઓ માટે હવે યુનાઈટેડ કિંગડમ (UK) કરતા કેનેડા વધુ આકર્ષક અને સરળ વિકલ્પ બનીને ઉભરી આવ્યું છે. તાજેતરના અહેવાલો મુજબ, 'સ્ટડી-ટુ-ઈમિગ્રેટ' એટલે કે ભણ્યા પછી ત્યાંનું કાયમી નાગરિકત્વ મેળવવાની બાબતમાં કેનેડાએ યુકેને પાછળ છોડી દીધું છે. જોકે બંને દેશોએ આવાસ અને વસ્તીના દબાણને કારણે ઈમિગ્રેશનના નિયમો સખત કર્યા છે, તેમ છતાં કેનેડાની સિસ્ટમ આજે પણ વધુ સ્પષ્ટ અને ઝડપી માનવામાં આવે છે.કેનેડામાં ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કર્યાના માત્ર એક વર્ષના કામના અનુભવ બાદ વિદ્યાર્થીઓ સ્થાયી નિવાસ(PR) માટે અરજી કરી શકે છે. તેની સરખામણીએ યુકેમાં સ્થાયી નિવાસ(ILR) મેળવવા માટે ઓછામાં ઓછા 5 વર્ષ અને અમુક કિસ્સામાં 10 વર્ષ જેટલી લાંબી રાહ જોવી પડે છે. કેનેડામાં પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ(PGWP) ત્રણ વર્ષ સુધી મળી શકે છે, જ્યારે યુકેમાં હવે નવા નિયમો મુજબ 2026-27થી વર્ક વિઝાનો સમયગાળો ઘટાડીને માત્ર 18 મહિના સુધી મર્યાદિત કરી દેવામાં આવ્યો છે.આ બંને દેશો વચ્ચેનો સૌથી મોટો તફાવત એ છે કે કેનેડામાં અભ્યાસ પછી વર્ક પરમિટ પર કરેલા કામનો અનુભવ સીધો જ PR મેળવવા માટે ગણાય છે. જ્યારે યુકેમાં, ગ્રેજ્યુએટ વિઝા પર કરેલા કામનો અનુભવ ત્યાંના સ્થાયી નિવાસ(ILR) માટે ગણવામાં આવતો નથી. યુકેમાં કાયમી વસવાટ માટે વિદ્યાર્થીએ ફરજિયાતપણે સ્કીલ્ડ વર્કર વિઝા મેળવવા પડે છે અને તે માટે સ્પોન્સરશિપ અને ચોક્કસ પગારના ધોરણો પૂરા કરવા પડે છે, જે પ્રક્રિયા ઘણી જટિલ છે.જો કોઈ વિદ્યાર્થી 22 વર્ષની ઉંમરે કેનેડા જાય, તો તે 25 વર્ષની ઉંમર સુધીમાં એટલે કે માત્ર 3 વર્ષમાં PR મેળવી શકે છે. તેની સામે યુકેમાં તે જ સ્થિતિમાં પહોંચતા 7થી 10 વર્ષ જેટલો લાંબો સમય લાગી શકે છે. આમ, જો તમે ટૂંકા સમયમાં અને સ્પષ્ટ નિયમો સાથે વિદેશમાં સ્થાયી થવા માંગતા હોવ, તો હાલના સંજોગોમાં કેનેડા એ યુકે કરતા વધુ ભરોસાપાત્ર અને ઝડપી રસ્તો સાબિત થઈ રહ્યો છે.

**નવા નિયમો મુજબ ૨૦૨૬-૨૭થી વર્ક વિઝાનો સમયગાળો ઘટાડીને માત્ર ૧૮ મહિના સુધી મર્યાદિત કરી દેવામાં આવ્યો છે**

# ટ્રમ્પની ધમકીનો ગ્રીનલેન્ડ અને ડેનમાર્કે કર્યો વિરોધ : ગ્રીનલેન્ડ પર અમેરિકાના કબજાથી 'નાટો'નો અંત આવશેઃ ડેનમાર્ક

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કોપનહેગન, તા.૭**

ગ્રીનલેન્ડ પર કબજો કરવાની અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનની ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ બંનેએ જોરદાર વિરોધ કર્યો છે અને વિનાશક પરિણામોની ચેતવણી આપી છે. ડેનિશ વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેને જણાવ્યું હતું કે ગ્રીનલેન્ડ પર અમેરિકન કબજાથી નાટો લશ્કરી જોડાણનો અંત આવશે. ગ્રીનલેન્ડના વડાપ્રધાન જેન્સ ફ્રેડરિક નીલ્સન જણાવ્યું હતું કે, ગ્રીનલેન્ડની તુલના વેનેઝુએલા સાથે ન થઈ શકે.વેનેઝુએલામાં અમેરિકાના મિલિટરી ઓપરેશન પછી ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ બંનેની ચિંતામાં વધારો થયો છે. ગ્રીનલેન્ડ ડેનમાર્કનો અર્ધ-સ્વાયત્ત પ્રદેશ છે અને તેથી નાટોનો સભ્ય પણ છે. ગ્રીનલેન્ડના વડાપ્રધાન જેન્સ ફ્રેડરિક નીલ્સન જણાવ્યું હતું કે જો અમેરિકા બીજા નાટો દેશ પર લશ્કરી હુમલો કરશે તો બધું બંધ થઈ જશે. તેમા નાટો જોડાણ અને બીજા વિશ્વયુદ્ધના અંત પછી પૂરી પાડવામાં આવેલી સુરક્ષાનો પણ સમાવેશ થાય છે. સ્થિતિ એવી નથી કે અમેરિકા સરળતાથી ગ્રીનલેન્ડને જીતી શકે.ગ્રીનલેન્ડ પર કબજો કરવાની ટ્રમ્પની ધમકીનો ફ્રાન્સ જર્મની, ઇટલી, પોલેન્ડ, સ્પેન, બ્રિટન સહિતના યુરોપના નેતાઓએ વિરોધ કર્યો હતો. આ દેશોના નેતાએ એક નિવેદન જારી કરીને ગ્રીનલેન્ડની સાર્વભૌમત્વનું રક્ષણ કરવામાં ડેનિશ વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેનને સમર્થન આપ્યું હતું.

## સ્પોર્ટ્સ ન્યુઝ

# વૈભવ સૂર્યવંશી દ.આફ્રિકાના બોલર્સ ઉપર તૂટી પડ્યો, ૬૩ બોલમાં સદી ફટકારી

**વૈભવે ૮ છગ્ગા, ૬ ચોગ્ગા ફટકાર્યાઃ ઝડપી બોલિંગ સામે સાવચેતીભરી રમત રમી હતી, પરંતુ એકવાર સેટ થયા પછી તેણે આક્રમક વલણ અપનાવ્યું હતું**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બેનોની, તા.૦૭:** ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાઈ રહેલી ત્રીજી U19 યુથ વનડેમાં ભારતીય કેપ્ટન વૈભવ સૂર્યવંશીનું બેટ ફરીએકવાર ગરજ્યું હતું. તેણે માત્ર ૬૩ બોલમાં વિસ્ફોટક સદી ફટકારીને દક્ષિણ આફ્રિકાના બોલરોને દબાણમાં મૂકી દીધા હતા. આ મેચમાં દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો.



ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય અંડર-૧૯ ટીમની શરૂઆત વૈભવ સૂર્યવંશી અને એરોન જ્યોર્જે કરી હતી. શરૂઆતમાં, વૈભવે સાઉથ આફ્રિકાની ઝડપી બોલિંગ સામે સાવચેતીભરી રમત રમી હતી, પરંતુ એકવાર સેટ થયા પછી તેણે આક્રમક વલણ અપનાવ્યું હતું. તેણે માત્ર ૨૪ બોલમાં ૪ છગ્ગા અને ૫ ચોગ્ગાની મદદથી પોતાની અડધી સદી પૂરી કરી હતી. ત્યારપછી પણ તેણે પોતાની આક્રમક રમત ચાલુ રાખી અને ૬૩ બોલમાં ૮ છગ્ગા અને ૬ ચોગ્ગાની મદદથી શાનદાર સદી ફટકારી. તેની સાથે ઓપનર એરોન જ્યોર્જે પણ શાનદાર ઈનિંગ રમી હતી.

આ મેચ પહેલા જ સિરીઝમાં ૨-૦ની અજેય સરસાઈ મેળવી ચૂકેલી ભારતીય ટીમ આ મેચ જીતીને ક્લીન સ્વીપ કરવાના ઈરાદાથી મેદાનમાં ઉતરી છે. જ્યારે દક્ષિણ આફ્રિકા માટે આ મેચ ઘરેલુ પરિસ્થિતિમાં પોતાનું સન્માન બચાવવાનો છેલ્લો મોકો છે.

**૧૪ વર્ષની ઉંમરે વૈભવ સૂર્યવંશીની સિદ્ધિઓ**

ભારતમાં સદી, યુએઈમાં સદી, ઓસ્ટ્રેલિયામાં સદી, ઈંગ્લેન્ડમાં સદી, દક્ષિણ આફ્રિકામાં સદી

ત્રીજી મેચમાં વૈભવ જે રીતે બેટ લઈને બહાર આવ્યો તેનાથી એવું લાગતું હતું કે તે ડ્રેસિંગ રૂમમાંથી તૈયાર થઈને આવ્યો છે. પહોંચતાની સાથે જ તેણે બોલિંગ પર પ્રહાર કરવાનું શરૂ કરી દીધું. પેસર્સ હોય કે સ્પિનર્સ, તેણે કોઈને છોડ્યું નહીં. મેદાનનો કોઈ ખૂણો એવો નહોતો જ્યાં આ ૧૪ વર્ષીય ઉભરતા સ્ટારે શોટ ન રમ્યા હોય.

ત્રણ મેચની યુવા ODI શ્રેણીની ત્રીજી અને અંતિમ મેચમાં દક્ષિણ આફ્રિકાની અંડર-૧૯ ટીમે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બે મેચ જીતીને ભારતીય અંડર-૧૯ ટીમે શ્રેણીમાં ૨-૦થી અજેય લીડ મેળવી લીધી છે.

**માદુરોની ધરપકડ બાદ જયશંકરનું પહેલું નિવેદન**

# ભારત વેનેઝુએલાની વર્તમાન સ્થિતિને લઈને અત્યંત ચિંતિત

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭**

વેનેઝુએલામાં અમેરિકા દ્વારા કરવામાં આવેલી સૈન્ય કાર્યવાહી અને પ્રમુખ નિકોલસ માદુરોને કસ્ટડીમાં લેવાના અણધાર્યા ઘટનાક્રમ પર ભારત સરકારે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે. વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું છે કે, ભારત વેનેઝુએલાની વર્તમાન સ્થિતિને લઈને અત્યંત ચિંતિત છે અને તેમણે તમામ પક્ષોને લોકોની સુરક્ષાને પ્રાથમિકતા આપવા અપીલ કરી છે.

લક્ઝમબર્ગમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન એસ. જયશંકરે કહ્યું કે, અમે તાજેતરના



ઘટનાક્રમથી ચિંતિત છીએ. અમે આ વિવાદમાં સામેલ તમામ પક્ષોને વિનંતી કરીએ છીએ કે તેઓ સાથે મળીને એવા ઉકેલ પર પહોંચે જે વેનેઝુએલાના લોકોની ભલાઈ અને સુરક્ષાના હિતમાં હોય. લોકોની ભલાઈ અમારી પ્રાથમિકતા છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ભારત અને વેનેઝુએલા વચ્ચે વર્ષોથી ગાઢ અને મૈત્રીપૂર્ણ સંબંધો રહ્યા છે. ભારત ઈચ્છે છે કે ગમે તેવી પરિસ્થિતિ હોય, વેનેઝુએલાના લોકો સુરક્ષિત રહે અને આ સંકટમાંથી વહેલી તકે બહાર આવે.

ભારતીય વિદેશ મંત્રાલયે એક સત્તાવાર નિવેદન જાહેર કરીને જણાવ્યું છે કે, કરાકાસમાં આવેલું ભારતીય દૂતાવાસ ત્યાં વસતા ભારતીય સમુદાયના સતત સંપર્કમાં છે. કોઈપણ પ્રકારની સહાય માટે દૂતાવાસ તૈયાર છે. ભારત સરકારે આ મુદ્દાને વાતચીત દ્વારા શાંતિપૂર્ણ રીતે ઉકેલવા અને પ્રદેશમાં સ્થિરતા જાળવી રાખવા પર ભાર મૂક્યો છે.

**૧૩ માઓવાદીઓ પર હતું ૬૫ લાખનું ઈનામ**

# છત્તીસગઢના સુકમા જિલ્લામાં ૨૬ નક્સલીએ આત્મસમર્પણ કર્યું




(સંપૂર્ણ સમાચાર સેવા)

**સુકમા, તા.૦૭**

છત્તીસગઢના સુકમા જિલ્લામાં ૨૬ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. આત્મસમર્પણ કરનારા માઓવાદીઓમાં ૧૩ માઓવાદીઓ પર કુલ ૬૫ લાખનું ઈનામ હતું. સુકમાના પોલીસ અધિક્ષક કિરણ ચવ્હાણે જણાવ્યું હતું કે "પૂના માર્ગેમ" પહેલ હેઠળ આત્મસમર્પણ કરનારા કેડરમાં સાત મહિલાઓનો સમાવેશ થાય છે. પોલીસ અધિક્ષકએ જણાવ્યું હતું કે આ વ્યક્તિઓ માઓવાદી પીપલ્સ લિબરેશન ગુરિલ્લા આર્મી (PLGA) બટાલિયન, સાઉથ બસ્તર ડિવિઝન, માડ ડિવિઝન અને આંધ્ર ઓડિશા બોર્ડર ડિવિઝનમાં સક્રિય હતા અને છત્તીસગઢના અબુઝમાડ, સુકમા અને ઓડિશા સરહદી વિસ્તારોમાં અસંખ્ય ઘટનાઓમાં સામેલ હતા. આ માઓવાદીઓ રાજ્ય સરકારની શરણાગતિ અને પુનર્વસન નીતિથી પ્રભાવિત હતા, જેના હેઠળ તેમણે આત્મસમર્પણ કર્યું હતું.

લાલી ઉર્ફે મુચાકી આયતે લખમુ (૩૫), જે એક કંપની પાર્ટી સમિતિની સભ્ય હતી તેના પર ૧૦ લાખનું ઈનામ હતું. મુચાકી હિંસાની ઘણી મોટી ઘટનાઓમાં સામેલ હતી, જેમાં ૨૦૧૭ માં કોરાપુટ રોડ (ઓડિશા) પર એક વાહનને નિશાન બનાવતા IED વિસ્ફોટનો સમાવેશ થાય છે, જેમાં ૧૪ સુરક્ષા કર્મચારીઓ માર્યા ગયા હતા. અન્ય ચાર મુખ્ય કેડર - હેમલા લખમા (૪૧), અસ્મિતા ઉર્ફે કમલુ સન્ની (૨૦), રામબતી ઉર્ફે પદમ જોગી (૨૧) અને સુંદરમ પાલે (૨૦) આ ચારેય પર ૮-૮ લાખનું ઈનામ હતું.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે લખમા ૨૦૨૦ના મિનપા હુમલામાં સામેલ હતો, જેમાં ૧૭ સુરક્ષા કર્મચારીઓના જીવ ગયા હતા. આત્મસમર્પણ કરનારા અન્ય કેડરમાંથી ત્રણ પર ૫-૫ લાખનું ઈનામ હતું, એક કેડર પર ૩ લાખનું, એક કેડર પર ૨ લાખનું અને ત્રણ કેડર પર ૧ લાખનું ઈનામ હતું. આત્મસમર્પણ કરનારા તમામ નક્સલીઓને ૫૦,૦૦૦ની સહાય આપવામાં આવી છે અને તેમને સરકારી નીતિ અનુસાર આગળ પુનર્વસન કરવામાં આવશે. શનિવારે સુકમા અને બીજાપુર જિલ્લામાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ થઈ હતી. અહેવાલો અનુસાર, આ એન્કાઉન્ટરમાં કુલ ૧૪ નક્સલવાદીઓ માર્યા ગયા હતા. સુકમા જિલ્લામાં આ એન્કાઉન્ટરમાં બાર માર્યા ગયા, જ્યારે બીજાપુર જિલ્લામાં આ એન્કાઉન્ટરમાં બે માર્યા ગયા હતા. અધિકારીઓએ જણાવ્યું હતું કે શનિવારે સવારે ૫ વાગ્યાથી આ વિસ્તારમાં સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે અથડામણ ચાલુ હતી.

**ADR રિપોર્ટમાં થયો મોટો ખુલાસો**

# ૧૦ વર્ષમાં ફરી ચૂંટાયેલા સાંસદોની સંપત્તિમાં ૧૧૦%નો ઉછાળો આવ્યો

**આ સાંસદોની ૨૦૨૪માં સરેરાશ સંપત્તિ રૂ.૧૫.૭૬ કરોડથી વધીને રૂ.૩૩.૧૩ કરોડ થઈ ગઈ હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭**

એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) અને નેશનલ ઈલેક્શન વોચ દ્વારા ૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ જારી કરાયેલા એક વિશ્લેષણાત્મક અહેવાલમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. ૨૦૧૪થી ૨૦૨૪ સુધી સતત ચૂંટાઈને આવેલા ૧૦૨ સાંસદોની સંપત્તિમાં છેલ્લા ૧૦ વર્ષમાં સરેરાશ ૧૧૦%નો જંગી વધારો જોવા મળ્યો છે. આ સાંસદોની ૨૦૨૪માં સરેરાશ સંપત્તિ રૂ.૧૫.૭૬ કરોડથી વધીને રૂ.૩૩.૧૩ કરોડ થઈ ગઈ હતી.

ADR દ્વારા ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ફરીથી ચૂંટાયેલા ૧૦૨ સાંસદોના સોગંદનામાનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. જે નીચે મુજબ છે.

૨૦૧૪માં આ ૧૦૨ સાંસદોની સરેરાશ સંપત્તિ રૂ.૧૫.૭૬ કરોડ હતી.

૨૦૧૯માં તે વધીને રૂ.૨૪.૨૧ કરોડ થઈ.

૨૦૨૪ સુધીમાં આ આંકડો રૂ.૩૩.૧૩ કરોડ પર પહોંચી ગયો.

આમ, આ ૧૦૨ સાંસદોની સરેરાશ સંપત્તિમાં છેલ્લા ૧૦ વર્ષમાં રૂ.૧૭.૩૬ કરોડનો વધારો થયો છે, જે ૧૧૦%ની વૃદ્ધિ દર્શાવે છે.

આ રિપોર્ટમાં સૌથી વધુ સંપત્તિમાં વધારો કરનારા ટોચના ૧૦ સાંસદોની યાદી પણ આપવામાં આવી છે, જેમાં મહારાષ્ટ્રના ભાજપના સાંસદ શ્રીમંત છત્રપતિ ઉદયનરાજે પ્રતાપસિંહ મહારાજ ભોંસલે પ્રથમ સ્થાને છે. તેમની સંપત્તિમાં ૧૦ વર્ષમાં રૂ.૧૬૨.૫૧ કરોડનો જંગી વધારો થયો છે. ૨૦૧૪માં તેમની સંપત્તિ રૂ.૬૦.૬૦ કરોડ હતી, જે ૨૦૨૪માં વધીને રૂ.૨૨૩.૧૨ કરોડ થઈ ગઈ છે.

આ યાદીમાં બીજા ક્રમે ગુજરાતના જામનગરના ભાજપના સાંસદ પૂનમબેન માડમ છે. તેમની સંપત્તિમાં રૂ.૧૩૦.૨૬ કરોડનો વધારો નોંધાયો છે. ૨૦૧૪માં તેમની સંપત્તિ રૂ.૧૭.૪૩ કરોડ હતી, જે ૨૦૨૪માં વધીને રૂ.૧૪૭.૭૦ કરોડ થઈ છે. ત્રીજા સ્થાને YSRCPના સાંસદ પી.વી. મિધુન રેડ્ડી છે, જેમની સંપત્તિમાં રૂ.૧૨૪.૨૫ કરોડનો વધારો થયો છે.

**પક્ષ મુજબ સંપત્તિમાં કેટલો વધારો?**

**ADRના રિપોર્ટમાં પક્ષ મુજબ સાંસદોની સંપત્તિમાં થયેલા સરેરાશ વધારાનું વિશ્લેષણ પણ કરવામાં આવ્યું છે:**

**ભાજપ (BJP):** ફરીથી ચૂંટાયેલા ૬૫ ભાજપના સાંસદોની સરેરાશ સંપત્તિમાં ૧૦૮%નો વધારો થયો છે.

**કોંગ્રેસ (INC):** ફરીથી ચૂંટાયેલા ૮ કોંગ્રેસી સાંસદોની સરેરાશ સંપત્તિમાં ૧૩૫%નો વધારો જોવા મળ્યો છે.

**તૃણમૂલ કોંગ્રેસ (AITC):** ૧૧ સાંસદોની સંપત્તિમાં સરેરાશ ૮૬%નો વધારો થયો છે.

**AIMIM:** ૧ સાંસદની સંપત્તિમાં ૪૮૮%નો જંગી ઉછાળો જોવા મળ્યો છે. આ રિપોર્ટ મતદારોને તેમના પ્રતિનિધિઓની આર્થિક સ્થિતિ વિશે માહિતગાર કરવાના ઉદ્દેશ્યથી તૈયાર કરવામાં આવ્યો છે. તમામ માહિતી સાંસદો દ્વારા ભારતના ચૂંટણી પંચ સમક્ષ દાખલ કરાયેલા સોગંદનામા પર આધારિત છે.

**સરકારનો અંદાજ RBI ના અંદાજ કરતા વધારે**

# નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં GDP વૃદ્ધિ દર ૭.૪% રહેવાની ધારણા

**આ GDP વૃદ્ધિ અંદાજ યુએસ પ્રમુખના ટેરિફ અને અટકેલા ભારત-અમેરિકા વેપાર કરાર છતાં ભારતીય અર્થતંત્રની મજબૂતાઈને પ્રતિબિંબિત કરે છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭**

સરકારનો અંદાજ છે કે ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ભારતનો GDP વૃદ્ધિ દર વધીને ૭.૪ ટકા થઈ શકે છે. આ મુખ્યત્વે ઉત્પાદન અને સેવા ક્ષેત્રોના સુધારેલા પ્રદર્શનને કારણે છે. આ GDP વૃદ્ધિ અંદાજ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ અને અટકેલા ભારત-અમેરિકા વેપાર કરાર છતાં ભારતીય અર્થતંત્રની મજબૂતાઈને પ્રતિબિંબિત કરે છે. આ નવીનતમ સરકારી અંદાજ પાછલા નાણાકીય વર્ષ કરતા ૦.૯ ટકા વધારે છે. એ નોંધવું જોઈએ કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં દેશનો GDP વૃદ્ધિ દર ૬.૫ ટકા હતો.

ચાલુ નાણાકીય વર્ષ માટે દેશના GDP વૃદ્ધિ દરનો આ સરકારી અંદાજ ભારતીય રિઝર્વ બેંક (RBI) ના અંદાજ કરતા પણ વધારે છે. ભારતીય રિઝર્વ બેંકે ચાલુ નાણાકીય વર્ષ માટે દેશનો GDP વૃદ્ધિ દર ૭.૩ ટકા રહેવાનો અંદાજ મૂક્યો હતો. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) દ્વારા જાહેર કરાયેલા રાષ્ટ્રીય આવકના પ્રથમ આગોતરા અંદાજ મુજબ, દેશના ઉત્પાદન અને બાંધકામ ક્ષેત્રો ૭ ટકાના વિકાસ દર હાંસલ કરે તેવી અપેક્ષા છે.

ચાલુ નાણાકીય વર્ષમાં દેશનો GDP ૮% ના દરે વધશે. આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે જણાવ્યું હતું કે, "સેવા ક્ષેત્રમાં મજબૂત વૃદ્ધિ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં ૭.૩ ટકાના અંદાજિત વાસ્તવિક GVA (ગ્રોસ વેલ્યુ એડેડ) વૃદ્ધિ દર માટે મુખ્ય પ્રેરકબળ રહ્યું છે." જોકે, ૩૧ માર્ચે પૂરા થતા ચાલુ નાણાકીય વર્ષમાં કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો અને 'વીજળી, ગેસ, પાણી પુરવઠો અને અન્ય ઉપયોગિતા સેવાઓ' ક્ષેત્રોમાં મધ્યમ વૃદ્ધિ દર રહેવાનો અંદાજ છે. મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે ૨૦૨૫-૨૬ દરમિયાન નોમિનલ GDP, અથવા વર્તમાન ભાવે GDP, ૮ ટકાના દરે વધવાનો અંદાજ છે. એ નોંધવું જોઈએ કે કેન્દ્રીય બજેટ




તૈયાર કરવામાં અગાઉથી અંદાજોના ડેટાનો ઉપયોગ કરવામાં આવે છે, જે ૧ ફેબ્રુઆરીએ રજૂ થવાની સંભાવના છે. કેન્દ્રીય બજેટની તૈયારીમાં આ અંદાજો ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવશે. સરકાર આ આંકડાઓને આધારે પોતાની ભાવિ આર્થિક નીતિઓ ઘડશે. ૭.૪ ટકાનો વૃદ્ધિ દર બજેટ પહેલા સરકાર માટે ઉત્સાહજનક સમાચાર લઈને આવ્યો છે.

# અમેરિકાએ ૭ દેશો માટે કડક કર્યા પોતાના વિઝાના નિયમ

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭**

અમેરિકા સતત પોતાની ઈમીગ્રેશન અને વિઝા પોલિસીને વધારે કડક બનાવી રહ્યું છે. આ કડીમાં દેશે પોતાની વિવાદિત વિઝા બોન્ડ પોલિસીનું સર્કલ વધારે મોટું કરી દીધું છે.

તેના હેઠળ હવે કેટલાક દેશોના નાગરિકોને વિઝા અરજી કરતા સમયે ૧૫,૦૦૦ ડોલર સુધીનું રિફંડેબલ બોન્ડ જમા કરાવવું પડી શકે છે. આ નિર્ણયથી પ્રભાવિત દેશોના નાગરિકો માટે અમેરિકાની યાત્રા અને માઈગ્રેશન ખર્ચ ઘણો વધી જશે. કયા દેશ જોડાઈ ગયા લિસ્ટમાં?-યૂ.એસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે આ લિસ્ટમાં ૭ નવા દેશોને સામેલ કર્યા છે. આમાં ભૂટાન, બોત્સવાના, સેન્ટ્રલ આફ્રીકન રિપબ્લિક, ગિની, ગિની-બિસાઉ, નામીબિયા અને તુર્કમેનિસ્તાન સામેલ છે. એસોસિએટેડ પ્રેસના અનુસાર, આ નિર્ણય ૧ જાન્યુઆરીથી લાગુ થઈ ચૂક્યો છે.

આ નવા નામો જોડાયા બાદ લિસ્ટમાં સામેલ દેશોની કૂલ સંખ્યા ૧૩ થઈ ગઈ છે, જેમાં મોટાભાગના આફ્રીકી દેશ છે. આ પોલિસી પહેલીવાર ગત વર્ષે લાગુ કરવામાં આવી હતી, જ્યાં ઓગસ્ટ અને ઓક્ટોબરમાં મોરિટાનિયા, તંજાનિયા, ગામ્બિયા, મલાવી અને જામ્બિયા જેવા દેશોને લિસ્ટમાં જોડવામાં આવ્યા હતા.

આ પોલિસી હેઠળ નિર્ધારિત દેશોના વિઝા એપ્લીકેન્ટ્સ પાસેથી ૫,૦૦૦થી ૧૫,૦૦૦ ડોલર સુધીના બોન્ડ જમા કરાવવા માટે કહેવામાં આવી શકે છે. અમેરિકા અધિકારીઓનું કહેવું છે કે, તેનો ઉદ્દેશ વિઝા પીરિયડથી વધારે સમય સુધી અમેરિકામાં રોકાવાની ઘટનાઓને ઓછી કરવાનો છે.

**પ્રધાનમંત્રી મોદીએ ઈઝરાયલના પ્રધાનમંત્રી નેતન્યાહુને કર્યો ફોન**

# રણનીતિક ભાગીદારી અને કાઉન્ટર ટેરરિઝ્મ જેવા મુદ્દે ચર્ચા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૦૭**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઈઝરાયલના પીએમ બેન્ઝામિન નેતન્યાહુએ બુધવારે ફોન પર વાતચીત કરી છે. આ વાતચીત દરમિયાન બંને નેતાઓ વચ્ચે રણનીતિક ભાગીદારી અને કાઉન્ટર ટેરરિઝ્મ જેવા મુદ્દે ચર્ચા થઈ છે. પીએમ મોદીએ એક્સ પર પોસ્ટ કરી આ જાણકારી આપી છે. પીએમ મોદીએ ઈઝરાયલી પ્રધાનમંત્રી અને ત્યાંની જનતાને નવા વર્ષની શુભેચ્છા આપી છે. આ સાથે બંને નેતાઓએ પ્રાદેશિક સ્થિતિ પર પણ ચર્ચા કરી છે.



પીએમ મોદીએ એક્સ પર પોસ્ટ કરી લખ્યું, 'મારા મિત્ર, પ્રધાનમંત્રી બેન્ઝામિન નેતન્યાહુ સાથે વાત કરી અને તેમને અને ઈઝરાયલના લોકોને નવા વર્ષની શુભેચ્છા આપી ખુશી થઈ. અમે આવનારા વર્ષમાં ભારત-ઈઝરાયલની રણનીતિક ભાગીદારીને વધુ મજબૂત કરવા અંગે ચર્ચા કરી. અમે ક્ષેત્રની સ્થિતિ પર પણ અમારા વિચાર વ્યક્ત કર્યા અને આતંકવાદ સામે વધુ મજબૂતીથી લડવાનો ઈરાદો પણ વ્યક્ત કર્યો.' આ પહેલા બંને દેશોના પ્રધાનમંત્રીએ પાછલા વર્ષે ૧૦ ડિસેમ્બર ૨૦૨૫ના એકબીજા સાથે ફોન પર વાત કરી હતી. પીએમ નેતન્યાહુએ પીએમ મોદીને ફોન કર્યો અને બંને નેતાઓએ ભારત-ઈઝરાયલ રણનીતિક ભાગીદારીમાં સતત પ્રગતિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો. આ સિવાય પીએમ મોદી અને નેતન્યાહુએ આપસી હિતો માટે આ સંબંધોને વધુ મજબૂત કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. બંને નેતાઓએ આતંકવાદની આલોચના કરી અને આતંકવાદના દરેક સ્વરૂપ અને અભિવ્યક્તિ પ્રત્યે કોઈ પ્રકારની નરમી ન રાખવાની પોતાની નીતિ વ્યક્ત કરી હતી.

# ઝારખંડમાં જંગલી હાથીનો કહેર, એક જ રાતમાં ૭ લોકોને કચડી માર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**રાંચી, તા.૦૭**

ઝારખંડના પશ્ચિમ સિંઘભૂમ જિલ્લામાં જંગલી હાથીએ હાહાકાર મચાવ્યો છે. મંગળવારે મોડી રાત્રે હાથીએ અલગ-અલગ ગામોમાં હુમલો કરીને ૭ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા છે. નવા વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં માત્ર ૬ દિવસમાં જ હાથીના હુમલામાં કુલ ૧૭ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો છે.

અહેવાલો અનુસાર, બાબરિયા ગામમાં મંગળવારે રાત્રે ૧૦ વાગ્યાની આસપાસ જ્યારે લોકો ઘરમાં સૂતા હતા ત્યારે હાથીએ અચાનક હુમલો કર્યો હતો. જેમાં સનાતન મેરલ, તેની પત્ની જોનકોન કુઈ, તેમના બે નાના બાળકો અને અન્ય એક ગ્રામજન મોગડા લગુરીનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. પરિવારનો એક બાળક ચમત્કારિક રીતે ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. જ્યારે બડા પાસિયા અને લમ્પાઈસાઈ ગામમાં પણ હાથીએ એક-એક વ્યક્તિને કચડી નાખ્યા હતા.

**પહેલી જાન્યુઆરી :** ટોન્ટો બ્લોકના બાંદીઝારી ગામના રહેવાસી ૩૫ વર્ષીય મંગલ સિંહ હેમ્બરામનું હાથીએ હુમલો કરતાં ઘટનાસ્થળે જ મૃત્યુ થયું. તે જ રાત્રે, બિરસિંહહાટુ ગામના કુચુબાસા ટોલીના રહેવાસી ૫૫ વર્ષીય ઉર્દુપ બહંડાનું પણ હાથીએ હુમલો કરતાં મોત થયું. સદર બ્લોકના રોરો ગામના રહેવાસી ૫૭ વર્ષીય વિષ્ણુ સુંડીનું પણ આ હુમલામાં મૃત્યુ થયું. બિરસિંહહાટુ ગામના રહેવાસી મણિ કુંતિયા અને સુખમતી બહંડા ગંભીર રીતે ઘાયલ થયા. ત્રણેય ઘટનાઓ ૧ જાન્યુઆરીની રાત્રે બની હતી.

**બીજી જાન્યુઆરી :** ગોઈલકેરા વિસ્તાર હેઠળના સયાતવા ગામમાં એક હાથીએ મન્દ્રુ કયોમના ૧૩ વર્ષના પુત્ર રેંગા કયોમને કચડી નાખ્યો અને તેનું મોત નીપજ્યું. જ્યારે બૈપી ગામના રહેવાસી નંદુ કગોરાઈની



૧૦ વર્ષની પુત્રી ઢીંગી ગગરાઈને હાથીએ કચડી નાખતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ ગઈ.

**ચોથી જાન્યુઆરી :** ગોઈલકેરા વિસ્તારમાં આવેલા કુઈડા પંચાયતના અમરાઈ કિતાપી ગામ, તોપનોસાઈ ગામમાં હાથીએ ૪૭ વર્ષીય મહિલાને કચડી નાખીને તેનું મોત નીપજ્યું હતું. આ હુમલામાં તેના પતિ રંજન ટોપનો અને ૧૦ વર્ષનો પુત્ર કાહિરા ટોપનો પણ ઈજાગ્રસ્ત થયો હતો.

**પાંચમી જાન્યુઆરી :** ઈલકેરાના સંતરા ફોરેસ્ટ રેન્જની અંદર બિલા પંચાયતમાં આવેલા મિસ્ત્રીબેડા નામના જંગલ ગામમાં એક હાથીએ ૫૦ વર્ષીય જોંગા લગુરી પર હુમલો કરીને તેનું મોત નીપજ્યું હતું. તેમના પતિ, ૫૨ વર્ષીય ચંદ્ર મોહન લગુરી પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો.

**છઠ્ઠી જાન્યુઆરી :** ગોઈલકેરાના સોવા ગામ પર હાથીએ હુમલો કર્યો, જેમાં કુંદરા બાહદા, તેના ૬ વર્ષના પુત્ર કોદમા બાહદા અને તેમની ૮ મહિનાની પુત્રી સમુ બાહદાનું મૃત્યુ થયું. ૩ વર્ષની પુત્રી જિંગિન બાહદા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ હતી.

ત્યારબાદ, બેકાબૂ હાથી સોવા અને પટુંગ ગામોમાંથી પસાર થઈને મંગળવારે વહેલી સવારે સાંત્રા વન વિસ્તારના ટોન્ટો બ્લોકના કુઈલસુતા ગામ પહોંચ્યો, જ્યાં તેણે ૨૧ વર્ષના જગમોહન સવૈયાને કચડી નાખ્યો અને તેનું મોત નીપજ્યું. ઘટનાની જાણ થતા જ વન વિભાગ અને સ્થાનિક પ્રશાસનની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. ડ્રોન અને વનકર્મીઓની મદદથી હાથીના લોકેશન પર નજર રાખવામાં આવી રહી છે. વન વિભાગે મૃતકોના પરિવારજનોને તાત્કાલિક સહાય અને સરકારી જોગવાઈ મુજબ વળતર આપવાની જાહેરાત કરી છે. ગ્રામજનોને રાત્રિના સમયે ઘરની બહાર ન નીકળવા અને સાવચેત રહેવા અપીલ કરવામાં આવી છે. હાથીઓ હવે જંગલ છોડીને રહેણાંક વિસ્તારોમાં ઘૂસી રહ્યા હોવાથી ગ્રામજનોમાં વન વિભાગ પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે. લોકો પોતાની સુરક્ષા માટે કાયમી ઉકેલની માંગ કરી રહ્યા છે.

# ઓરવાડ ઓવરબ્રિજ પર બંધ ટ્રકમાં મોટર સાયકલ ઘુસી જતા મોટર સાયકલ ચાલકનું મોત






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૦૭**

પારડી તાલુકાના ડુંગરી મોરા ફળિયા ખાતે રહેતા ભાવિક કમલેશભાઈ કોળી પટેલ વાપીથી વલસાડ જવાના હાઈવે નંબર ૪૮ પર પોતાની મોટરસાયકલ નંબર GJ 15 BL.4183 લઈ આવી રહ્યા હતા.

આ દરમિયાન ઓરવાડના ઓવરબ્રિજ ઉપર ટ્રક નંબર DD 03 T 9852 બંધ હાલતમાં કોઈપણ જાતની આડાશ બેરીકેટ કે ટ્રકની ઈન્ડિકેટર પણ બંધ રાખતા જાહેર રોડ ઉપર ભયજનક રીતે આવતા જતા રાહદારીઓના જીવ જોખમાયએ રીતે ટ્રક ઉભી રાખતા આ ટ્રક અંધારામાં નજરે ન ચઢતા પાછળથી મોટરસાયકલ લઈ આવી રહેલ ભાવિકભાઈ ધડાકાભેર પાછળના ભાગે ટ્રકમાં અથડાતા તેઓને માથા તથા શરીરના ભાગે ગંભીર ઈજાઓ થતા પ્રથમ પારડી સીએચસી ખાતે પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા તેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.પારડી પોલીસે ટ્રક ચાલક રાજેશકુમાર ભગુમન પ્રસાદ રહે મધ્યપ્રદેશ વિરુદ્ધ ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ હાથ ધરી છે.

# ચીખલી તાલુકાના સાદકપોર ગામે વિકાસની લહેરમાં આંગણવાડી ખંડેર બનતાં ૧૩ માસૂમ બાળકોનું ભવિષ્ય 'રામ ભરોસે': તંત્ર અને નેતાઓ ઊંઘમાં

## સાદકપોર ગામના કાળિયા ફળીયા સ્થિત આંગણવાડીનું મકાન જર્જરિત થતાં નાના ભૂલકાંઓએ કડકડતી ઠંડી હોય કે વરસાદ હોય ઓટલા પર બેસી કારકીર્દીની પાપા પગલી ભરવાની આવી પડેલ નોબત

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**ચીખલી (વંકાલ), તા.૦૭**

રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે કરોડો રૂપિયાના ખર્ચે 'શાળા પ્રવેશોત્સવ' જેવા કાર્યક્રમો યોજીને શિક્ષણના સ્તરને ઊંચું લાવવા અનેક કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. બીજી તરફ તાલુકાના સાદકપોર ગામે આંગણવાડીના ભૂલકાઓને બેસવા માટે ત્રણ વર્ષ થી મકાન જેવી પાયાની સુવિધા નથી. ત્યારે સરકારના વિકાસના દાવા પોકળ સાબિત થઈ રહ્યા છે. સાદકપોર સ્થિત કાળિયા ફળીયામાં આવેલી આંગણવાડીના ૧૩ જેટલા ભૂલકાંઓ છેલ્લા ૩ વર્ષથી ખાનગી મકાનોના ઓટલા પર ભણી રહ્યા છે. જે સ્થાનિક તંત્ર માટે પણ શરમજનક બાબત છે.

સાદકપોર ગામના કાળિયા ફળીયામાં કાર્યરત આંગણવાડીનું મકાન વર્ષો જૂનું હોવાથી જર્જરિત થતાં અને ત્રણ વર્ષ પહેલાં જ્યારે આ મકાન ભયજનક જાહેર થયું ત્યારે ગ્રામજનોમાં આશા હતી કે ટૂંક સમયમાં નવું અસુવિધાજનક મકાન બનશે. જોકે ત્રણ વર્ષનો લાંબો સમય વીતી ગયો હોવા છતાં તંત્ર દ્વારા નવા મકાન માટે એક ઈંટ પણ મુકવામાં આવી નથી. આ વિલંબ પાછળ વહીવટી પ્રક્રિયા જવાબદાર છે કે તંત્રની ઉદાસીનતા તે એક મોટો સવાલ ઉભો થવા પામ્યો છે. આંગણવાડીમાં ૧૩ જેટલા નાના બાળકો જેમની ઉંમર માંડ ૩ થી ૬ વર્ષની છે. તેઓ હાલ ખાનગી મકાનના ઓટલા પર બેસીને અક્ષરજ્ઞાન મેળવી રહ્યા છે. શિયાળાની હાડ થીજવતી ઠંડી હોય કે ચોમાસાનો ધોધમાર વરસાદ હોય આ બાળકો પાસે રક્ષણ મેળવવા માટે કોઈ દીવાલો નથી. ઉનાળામાં અસહ્ય લૂ અને તડકા વચ્ચે પણ બાળકોએ ખુલ્લામાં બેસવું પડે છે.



-તસવીરઃ દિપક સોલંકી

### શિક્ષણનો પાયો હવે ઓટલા પર આવી ગયો

શિક્ષણ એ બાળકનો અધિકાર છે અને સુરક્ષિત વાતાવરણ પૂરું પાડવું એ સરકારની ફરજ છે. સાદકપોર ગામના આ ભૂલકાંઓ કોઈ લક્ઝરી સુવિધા નથી માંગી રહ્યા તેઓ માત્ર એક સુરક્ષિત છત અને ભણવા માટે યોગ્ય વાતાવરણ માંગી રહ્યા છે. જો તાત્કાલિક ધોરણે આંગણવાડીના નવા મકાનનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં નહીં આવે તો ચીખલી તાલુકાના આ અંતરિયાળ વિસ્તારમાં શિક્ષણ પ્રત્યેનો લોકોનો વિશ્વાસ ઉઠી જશે. હવે જોવાનું એ રહે છે કે, જિલ્લા કલેક્ટર અને તાલુકા વિકાસ અધિકારી આ બાબતે કેવા કડક પગલાં લે છે. શું આ માસૂમોને આવતા શૈક્ષણિક સત્રમાં નવું મકાન મળશે ખરૂ? તેવા અનેક સવાલોનો ગણગણાત સંભળાઈ રહ્યો છે.

# વાપીમાં શૌચાલયના ટબમાંથી મહાકાય અજગર નિકળતા દોડધામ મચી ગઈ



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

વાપી શહેરના એક વિસ્તારમાં આજે બુધવારે બપોરે દિલધડક ઘટના ઘટી હતી.બંગલાના શૌચાલયના ટબમાંથી મહાકાય અજગર નિકળતા પરિવારજનોના શ્વાસ બેસી ગયા હતા.

બપોરે શૌચાલયમાં જતા સમયે ઘરના એક સભ્યે અજગરનું મોઢુ ટબના પાણીમાં જોતાની સાથે બુમાબુમ કરી શૌચાલયની બહાર નિકળી આવી દરવાજો બંધ કરી દીધો હતો. ઘટના અંગે જીવદયા કાર્યકરોને જાણ કરતા તેઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સ્વયંસેવકોએ કુનેહપૂર્વક શૌચાલયના ટબમાંથી મહાકાય અજગરનું રેસક્યું કર્યુ હતું. એક મોટી પ્લાસ્ટીકની બરણીમાં અજગરને પૂરી દીધો હતો. ત્યારબાદ જંગલમાં છોડી દેવાયો હતો. સલામતપૂર્વક અજગરને કાઢ્યા બાદ પરિવારના શ્વાસ હેઠા બેઠા હતા. સદ્નસીબે અજગરે કોઈને કોઈપણ પ્રકારની ઈજા પહોંચાડી નહોતી. તે ઘટનાનું જમા પાસુ રહ્યું હતું.

ઉલ્લેખનીય છે કે સર્પ, અજગર જેવા જંગલી પ્રાણીઓ મોપેડ, મોટર સાયલક કે કારોમાં રાત્રિના સમયે ઘૂસી જતા હોય છે. તેથી વાહન સ્ટાર્ટ કર્યા પૂર્વ સાવધાનીથી વાહન ચેક કરવું હિતાવહ છે. વલસાડ જિલ્લામાં અજગર, સાપ જેવા પ્રાણીઓ રહેણાંક વિસ્તારોમાં સામાન્યપણે વધુ દેખાતા હોય છે.

# વાપી આર.કે.દેસાઈ કોલેજમાં બીસીએ ડિપાર્ટમેન્ટ દ્વારા વર્કશોપ યોજાયો




**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

આઈબીએમના સહયોગથી કોલેજના BCA વિભાગ દ્વારા "Power of Al Agents" વિષય પર બે દિવસીય વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં આઈબીએમ તરફથી તાલીમાર્થી તરીકે શ્રીમતી વૈશાલી અને શ્રી યશ રાવલ ઉપસ્થિત રહ્યા હતા. વર્કશોપ દરમિયાન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) કેવી રીતે કાર્ય કરે છે તથા દૈનિક જીવનમાં એઆઈનું મહત્વ શું છે તે અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને એઆઈ એજન્ટ્સ,તેની ઉપયોગિતા અને ભવિષ્યની સંભાવનાઓ વિશે સરળ અને વ્યવહારુ રીતે સમજાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું સંચાલન બીસીએના એચઓડી શ્રીમતી નેહા પટેલ અને પ્રોફેસર શ્રીમતી જ્યોતના ભુબનેશ દ્વારા કરવામાં આવ્યું હતું. વર્કશોપ વિદ્યાર્થીઓ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થયો અને વિદ્યાર્થીઓએ તેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ કાર્યક્રમનું સંચાલન કરવા બદલ સંસ્થાના ચેરમેન શ્રી મિલનભાઈ દેસાઈ, કેમ્પસ ડાયરેક્ટર ડો.મિત્તલ શાહે અભિનંદન પાઠવ્યા હતાં.

### એક કોંગ્રેસ ધારાસભ્યને મળ્યું સ્થાન

# બજેટ સત્ર પહેલા વિધાનસભા કામકાજ સમિતિની પુનઃ રચના

## આગામી મહિને ગુજરાતનું બજેટ રજૂ થવાનું છે ત્યારે સરકાર દ્વારા બજેટની તૈયારી કરવામાં આવી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**ગાંધીનગર, તા.૦૭**

જાન્યુઆરી મહિનો શરૂ થઈ ગયો છે. આગામી મહિને ગુજરાત સરકારનું બજેટ રજૂ થશે. બજેટને લઈને તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

બજેટ સત્ર પહેલા વિધાનસભાની કામકાજ સલાહકાર સમિતિની પુનઃ રચના કરવામાં આવી છે. આ સમિતિમાં ચાર નવા સભ્યોની નિમણૂંક થઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વિધાનસભાના બજેટસત્ર પહેલા કામકાજ સલાહકાર સમિતિની પુનઃ રચના કરવામાં આવી છે. આ સમિતિમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, મંત્રી જીતુ વાઘાણી, કુંવરજી બાવળીયા અને મનીષા વકીલની નિમણૂંક થઈ છે. આ સાથે નવી સમિતિમાં કુલ સભ્યોની સંખ્યા ૯ પર પહોંચી છે.

કામકાજ સલાહકાર સમિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, નાણામંત્રી કનુભાઈ દેસાઈ, કેબિનેટ મંત્રી જીતુ વાઘાણી, ઋષિકેશ પટેલ, કુંવરજી બાવળીયા, મનીષા વકીલ, બાલકૃષ્ણ શુક્લા અને કોંગ્રેસ નેતા તુષાર ચૌધરીનો સમાવેશ થાય છે. ૯ સભ્યોની સમિતિમાં માત્ર એક કોંગ્રેસ ધારાસભ્ય સામેલ છે.

**વિધાનસભા કામકાજ સલાહકાર સમિતિ**

૧.ભૂપેન્દ્ર પટેલ,મુખ્યમંત્રી
૨. હર્ષ સંઘવી, ના.મુખ્યમંત્રી
૩. કનુભાઈ દેસાઈ, મંત્રી
૪. જીતુ વાઘાણી, મંત્રી
૫. ઋષિકેશ પટેલ, મંત્રી
૬. કુંવરજી બાવળીયા, મંત્રી
૭. મનીષા વકીલ, મંત્રી
૮.બાલકૃષ્ણ શુકલા, મુખ્ય દંડક
૯. તુષાર ચૌધરી, કોંગ્રેસ નેતા

### ભાજપના મહિલા કોર્પોરેટર ઉશ્કેરાયા, પોલીસ સ્ટેશન માથે લીધું

# કાલોલમાં કોર્પોરેટર અને પોલીસની વચ્ચે બબાલ



(સંપૂર્ણ સમાચાર સેવા)
**પંચમહાલ ,તા.૦૭**

પંચમહાલ જિલ્લાના કાલોલમાં પોલીસે બ્લેક ફિલ્મ વાળી કાર સામે ડ્રાઈવ યોજી હતી. આ દરમિયાન કોર્પોરેટર અને પોલીસ વચ્ચે બબાલ થઈ હતી. કોર્પોરેટર જ્યોત્સના બેલદારે પોલીસને જોઈ લેવાની ધમકી આપી હતી.

કોર્પોરેટરના પરિવારે પણ પોલીસ સામે દાદાગીરી કરતાં ઘટના સ્થળ પર લોકોના ટોળા એકઠા થયા હતાં. આટલેથી નહીં અટકતા કોર્પોરેટરે પોલીસ સ્ટેશનમાં પણ ઉત્પાત મચાવ્યો હતો.

પંચમહાલ જિલ્લાના કાલોલમા પોલીસે ટ્રાફિક ડ્રાઈવ યોજી હતી. આ ડ્રાઈવ દરમિયાન બ્લેક ફિલ્મ વાળી કાર સામે પોલીસે પગલાં લેવાનું શરૂ કર્યુ હતું. ત્યારે કાલોલ નગરપાલિકાના કોર્પોરેટર જ્યોત્સના બેલદાર અને પોલીસ વચ્ચે બ્લેક ફિલ્મ વાળી કારના મેમાને લઈને બબાલ થઈ હતી. કોર્પોરેટરના પરિવારે પણ પોલીસ સામે દાદાગીરી કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. કોર્પોરેટરે પોલીસને જોઈ લેવાની ધમકી આપી હતી. કોર્પોરેટરની કારને બ્લેક ફિલ્મ લાગી હોવાથી પોલીસે તે કારનો પીછો કરીને ઉભી રાખી હતી.

આ દરમિયાન ભાજપ શાશિત કાલોલ નગરપાલિકાના કોર્પોરેટરના પરિવારે પોલીસ સામે દાદાગીરી કરી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

પોલીસે મેમો આપવાની વાત કરતાં જ કોર્પોરેટર અને તેમના પરિવારજનો ઉશ્કેરાઈ ગયા હતાં અને પોલીસને જોઈ લેવાની ધમકી આપી હતી. તેમની દાદાગીરીનો વીડિયો પણ વાયરલ થયો હતો. આ વીડિયોમાં તેઓ પોલીસ સ્ટેશનમાં એવું કહેતા સંભળાય છે કે તમે મને લોકઅપમાં મુકી દો. પોલીસે સમગ્ર મામલે ફરિયાદ નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી હોવાની માહિતી મળી છે.

# સુરતના ડિંડોલીમાં ડમ્પર અને એક્ટિવા વચ્ચેના અકસ્માતમાં એકનું મોત

## પૂરપાટ ઝડપે આવતા ડમ્પર ચાલકે એક્ટિવાને અડફેટે લેતા ચાલકનું સ્થળ પર જ મોત નીપજ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**સુરત,તા.૦૭**

સુરત શહેરમાં માર્ગ અકસ્માતની ઘટનાઓ અટકવાનું નામ નથી લઈ રહી. સુરત શહેરના ડિંડોલી વિસ્તારમાં આજે એક ભયાનક અકસ્માત સર્જાયો છે, જેમાં એક એક્ટિવા ચાલકે પોતાનો જીવ ગુમાવ્યો છે. મધુરમ સર્કલ પાસે પૂરપાટ ઝડપે આવતા એક ડમ્પર ચાલકે એક્ટિવાને જોરદાર ટક્કર મારતા આ અકસ્માત સર્જાયો હતો.

ઘટનાની મળતી માહિતી અનુસાર, ડિંડોલીના વ્યસ્ત એવા મધુરમ સર્કલ પાસેથી એક્ટિવા ચાલક પસાર થઈ રહ્યો હતો, ત્યારે કાળ બનીને આવેલા ડમ્પરના ચાલકે તેને અડફેટે લીધો હતો. ટક્કર એટલી જોરદાર હતી કે, એક્ટિવા ચાલક ડમ્પરના ટાયર નીચે આવી ગયો હતો અને ગંભીર ઈજાઓ થવાને કારણે તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અકસ્માત થતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા અને સ્થળ પર ભારે હોબાળો મચી ગયો હતો. અકસ્માતને પગલે રસ્તા પર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. સ્થાનિક લોકોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી.આ ઘટનાની જાણ થતા જ ડિંડોલી પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. અકસ્માત સર્જી ભાગવાની પેરવીમાં રહેલા ડમ્પર ચાલકને પોલીસે ઝડપી લીધો છે. પોલીસે ડમ્પર કબ્જે કરીને ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. વારંવાર બનતી આવી ડમ્પર અકસ્માતની ઘટનાઓથી સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### હવામાન વિભાગની આગાહી

# બંગાળની ખાડી બાદ હવે હિન્દ મહાસાગરમાં તોફાનના ભણકારા

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૦૭**

હવામાન વિભાગે જણાવ્યું કે, મધ્ય હિન્દ મહાસાગર અને બંગાળની ખાડીની ઉપર બનેલા એક એટમોસ્ફેરિક સર્કુલેશનના કારણે ૫ જાન્યુઆરીની સાંજે ૫.૩૦ વાગ્યે દક્ષિણ-પૂર્વી બંગાળની ખાડી અને ભૂમધ્ય રેખીય હિન્દ મહાસાગરની ઉપર લો પ્રેશરનું ક્ષેત્ર બની ગયું છે. ૬ જાન્યુઆરીની સવાર ૫.૩૦ વાગ્યા સુધી આ સિસ્ટમ ગાઢ ડિપ્રેશનમાં બદલાઈ ગયું અને તે વિસ્તારમાં બનેલું છે. આશા છે કે આ સિસ્ટમ ૭ જાન્યુઆરીના રોજ પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ તરફ આગળ વધશે અને દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી ઉપર વધારે મજબૂત થઈને લો પ્રેશરનું ક્ષેત્ર બની જશે.

હવામાન વિજ્ઞાનીઓની વાત માનીએ તો, ૮ જાન્યુઆરીના રોજ પણ તે આ દિશામાં આગળ વધવાની સંભાવના છે. કોમેરિન સાગર અને આજુબાજુના વિસ્તાર સાથે સાથે લક્ષદ્વીપ અને તેનાથી અડીને મધ્ય અને પૂર્વી અરબ સાગર પર પણ વાયુમંડળીય અસ્થિરતા બનેલી છે. જેનાથી વરસાદ થવાની આશા છે. ૭ જાન્યુઆરીના રોજ તટીય તમિલનાડુ, પુડુચેરી અને કરાઈકલમાં એક અથવા બે જગ્યા પર હળવાથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. જ્યારે તમિલનાડુમાં મોટા ભાગે હવામાન સૂકાયેલું રહી શકે છે. અંદરના જિલ્લામાં અમુક જગ્યા પર સવારે હળવી ધુમ્મસ છવાઈ શકે છે. ૮ જાન્યુઆરીના રોજ વરસાદની ગતિ ઝડપી થવાની આશા છે. તમિલનાડુ તટ, પુડુચેરી અને કરાઈકલના કેટલાય સ્થાન પર ગર્જના સાથે હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે અને અંદરના તમિલનાડુમાં અમુક જગ્યા પર પણ વરસાદ થઈ શકે છે.

આઈએમડીએ મયિલાદુથુરાઈ, નાગપટ્ટિનમ, તંજાવુર, તિરુવરુર, પુદુકોટ્ટઈ અને કરાઈકલમાં એક અથવા બે જગ્યા પર ભારેથી અતિ ભારે વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે. આ ઉપરાંત રામનાથપુરમ, શિવગંગા, તિરુચિરાપલ્લી, અરિયાલુર, કુડ્ડાલોર, વિલ્લુપુરમ અને ચેંગલપટ્ટુ જિલ્લામાં પણ અમુક જગ્યા પર ભારે વરસાદ થવાની સંભાવના છે. ૧૦ જાન્યુઆરીના રોજ તટના કિનારાવાળી જગ્યા અને અંદરના વિસ્તારમાં અમુક જગ્યા પર હળવાથી મધ્યમ વરસાદ સાથે ગર્જના અને ચમક સાથે તોફાન આવવાની સંભાવના છે. કુડ્ડાલોર, વિલ્લુપુરમ અને ચેંગલપટ્ટુમાં અમુક જગ્યા પર ભારે વરસાદ થઈ શકે છે. જ્યારે પુડુચેરી, ચેન્નઈ, માયિલાદુથુરાઈ, નાગપટ્ટિનમ, તંજાવુર, તિરુવરુર, અરિયાલુર, પેરમ્બલૂર, કલ્લાકુરિચી, તિરુવન્નામલાઈ, રાનીપેટ અને કાંચીપુરમમાં ભારે વરસાદ થવાની સંભાવના છે. ૧૧ અને ૧૨ જાન્યુઆરીના રોજ વરસાદ ધીમે ધીમે ઓછો થવાની આશા છે. જો કે ઉત્તરી તટીય અને આજુબાજુના વિસ્તારના જિલ્લાના અમુક ભાગમાં હજુ પણ અમુક જગ્યા પર ભારે વરસાદ થઈ શકે છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

**વલસાડ સર્કિટ હાઉસમાં...**

શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ સરકાર હંમેશા ગરીબલક્ષી અભિગમ ધરાવે છે. આ અધિનિયમની સાથે અન્ય મહત્વની યોજનાઓ પણ ગ્રામીણ જીવનને સુખમય બનાવી રહી છે

**ઉજ્જવલા યોજનાઃ** મફત ગેસ કનેક્શન દ્વારા મહિલાઆનું સ્વાસ્થ્ય અને સુવિધા. 'આયુષ્માન કાર્ડ' મફત અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ.

**આવાસ અને શૌચાલય યોજનાઃ** દરેક ગરીબને પાકું મકાન અને સ્વચ્છતાની સુવિધા

**અન્ન યોજનાઃ** જરૂરિયાતમંદોને મફત રાશન દ્વારા ખાદ્ય સુરક્ષા. આ અધિનિયમ મજૂરોને અન્યાય થતો અટકાવશે અને ગામડાના વિકાસમાં નવી ઉર્જા પૂરશે. તે ખરેખર એક ઐતિહાસિક અધિનિયમ સાબિત થશે.

આ પત્રકાર પરિષદમાં જિલ્લા ભાજપના મહામંત્રીઓ શ્રી કમલેશભાઈ પટેલ, શ્રી શિલ્પેશભાઈ દેસાઈ, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ શ્રી જીતેશભાઈ પટેલ, શ્રી હાર્દિકભાઈ શાહ, જિલ્લા મીડિયા કન્વીનર શ્રી દિવ્યેશ કૈલાશનાથ પાંડે અને જિલ્લા સોશિયલ મીડિયા ઈન્ચાર્જ શ્રી હિતેશભાઈ સુરતી હાજર રહ્યા હતા.


**CHANGE OF NAME**

**OLD NAME:**
TRUPTI RAMAN PATEL
**NEW NAME:**
**TRUPTIBEN ASHOKBHAI PATEL**
**ADDRESS:**
289, KAMLIWAD, BHENSLORE, NANI DAMAN, DAMAN 396210

**CHANGE OF NAME**

I HAVE CHANGED MY NAME FROM BHARGAV DHARMESHKUMAR THAKKAR / BHARGAV DHARMESH THAKKAR TO **BHARGAV DHARMESHBHAI THAKKAR** AS PER DOCUMENT

**CHANGE OF NAME**

**OLD NAME:**
DINESH MAGANLAL CHAPANERI
**NEW NAME:**
**DINESH MAGANLAL GOHIL**
**ADDRESS:**
15-34/A/G-6, A-1, SUPREME APARTMENT, KHARIWAD, NANI DAMAN, DAMAN 396210

UT ADMINISTRATION OF DADRA AND NAGAR HAVELI AND DAMAN AND DIU
**Department of Law and Justice, DNH&DD, Daman**

No. LAW/DNHDD/Appoint-STC/DGP-AGP-APP/2026/19
Dated : 06/01/2026

**ADVERTISEMENT**

The UT Administration of Dadra and Nagar Haveli and Daman and Diu would like to invite applications for District Government Pleader / Additional Government Pleader / Assistant Public Prosecutor on **Short Term Contract** from eligible legal practitioners / Advocates for the Union Territory of Dadra and Nagar Haveli and Daman and Diu.

For more details please scan QR code or visit www.ddd.gov.in

No. LAW/DNHDD/Appoint-STC/DGP-AGP-APP/2026/**20** Dated : 06 /01/2026

Law Secretary, DNH&DD, Daman

**No. IP/DMN/2/5/2025-26/1068**
**Dated: 07/01/2026**


વર્તમાન પ્રવાહ — વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

**Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)**

# વાપી ગુંજન જૂના હાઉસિંગના મકાનોનું નવિનીકરણ થશે: કામગીરી શરૂ



## જર્જરીત હોવાથી કેટલીક ઈમારતો ખાલી કરાવાઈ હતી: ૫૦ વર્ષ પહેલા હાઉસીંગ બોર્ડ દ્વારા વાપીમાં પહેલી વસાહતની સ્થાપના કરાઈ હતી

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

વાપી જીઆઈડીસીના સ્થાપના કાળે ૧૯૭૦ના દાયકામાં ગુજરાત સરકાર હાઉસિંગ બોર્ડ દ્વારા વાપી ગુંજન વિસ્તારમાં હાઉસીંગ કોલોની બનાવી હતી. જે હાલે જુના હાઉસીંગ નામે ઓળખાય છે. સરકારી બાંધકામ હોવાથી માત્ર થોડા વર્ષો બાદ હાઉસીંગની ઈમારતો ખખડધજ થવી શરૂ થઈ હતી. એક બે બ્લોક બાલ્કનીઓ તૂટી પડતા ત્રણ વર્ષ પહેલા રોડ સામેના બ્લોક ઈમારતો ખાલી કરાવાઈ હતી. લોકો સ્થળાંતર કરવા લાચાર બન્યા હતા. પરંતુ હવે જુના હાઉસીંગના બ્લોકોની નવિનીકરણ થવાની કામગીરી શરૂ થઈ ચૂકી છે.

નાણા અને શહેરી વિકાસ કેબીનેટ મંત્રી શ્રી કનુભાઈ દેસાઈની દીર્ઘદૃષ્ટ અને વહીવટી કુશળતા આધિન ગુંજન જુના હાઉસીંગ બોર્ડના જર્જરીત મકાનોનું નવિનીકરણ કામગીરી શરૂ થઈ છે. ખાલી કરી સ્થળાંતર થયેલી મૂળ મકાન માલિકોને સારા આવાસ ફરી મળશે. તેવી કોલોની અને ગુજરાત હાઉસીંગ રહેણાંક વિસ્તારની સૌથી જુની અને પ્રથમ વસાહત હતી સમય જતા જીઆઈડીસીએ આખી નવી ટાઉનશીપ પ્રસ્થાપિત કરી જે આજે પણ નજરાઈ રહી છે.

# વલસાડ ચીખલામાં ધ્રૂજારી ભર્યો અકસ્માત સર્જાયો: સ્ટેયરિંગ જામ થતાં કાર ચાર પાંચ પલટી મારી શિર્ષાસન સ્થિતિમાં આવી



**કાર ચાલક બજારથી ઘરે જઈ રહ્યા હતા અકસ્માતમાં બાલ બાલ બચી ગયા થોડી ઈજાઓ પહોંચી હતી**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

અકસ્માત ક્યારે અને કેવી રીતે સર્જાઈ જાય તેની પૂર્વ નિર્ધારીત કોઈ વાખ્યા હોતી નથી. કંઈક તેવો ટેક્નીકલ અકસ્માત આજે બુધવારે સવારે વલસાડના ચિખલા ગામે સર્જાયો હતો. કાર ચાલક બજારમાંથી કાર નં.જીજે ૧૫ પીપી ૨૫૦૫ લઈ ઘરે જઈ રહ્યા હતા. ત્યારે અચાનક કારનું સ્ટેયરીંગ જામ થઈ જતા કાર ચારથી પાચ પલટી મારી ફંગોળાઈને શિર્ષાસન મુદ્રામાં અટકી ગઈ હતી. ધૃજારી ઉપજાવે તેવા આ અકસ્માતમાં ચાલકનો સદ્નસીબે બાલ બાલ બચાવ થયો હતો. ક્યાંક નાની મોટી ઈજાઓ થઈ હતી.

વલસાડ ચિખલામાં કાર અકસ્માત બાદ લોકો ભેગા થઈ ગયા હતા. રોડ ઉપર ઉભી થઈ ગયેલ કારની સ્થિતિ જોતા લોકોને લાગેલુ કે ચાલક બચ્યા નહી હોય પરંતુ જેને રામ રાખે તેને કોણ ચાખે ચાલક સ્વસ્થ અવસ્થામાં હતા. લોકોએ સલામત રીતે મહામુસીબતે બહાર કાઢ્યા હતા. તેમના શરીરે નાની મોટી ઈજાઓ પહોંચી હતી. પરંતુ જીવ બચી જતા લોકોએ ખુશી વ્યક્ત કરી હતી. ઘટના સ્થળે પહોંચી પોલીસે ક્રેઈનની મદદથી કાર સીધી સ્થિતિમાં કરાવી હતી.

# ઉત્તરાયણ પર્વ નિમિત્તે વલસાડમાં તા.૧૦ થી ૨૦ જાન્યુઆરી સુધી સરકારી પશુ દવાખાના દ્વારા કરૂણા અભિયાન હાથ ધરાશે

**■ પશુ દવાખાના અને વન વિભાગ દ્વારા કુલ ચાર સ્થળે ઘાયલ પક્ષીઓની સારવાર કરાશે ■ સવારે અને સાંજના સમયે પક્ષીઓની માળામાં અવરજવર થતી હોય પતંગ ઉડાવવાનું ટાળવું જોઈએ: પશુ ચિકિત્સા અધિકારી**

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા. ૦૭**

આગામી ઉતરાયણ પર્વ નિમિત્તે વલસાડના સરકારી પશુ દવાખાના દ્વારા તા.૧૦/૦૧/૨૦૨૬થી ૨૦/૦૧/૨૦૨૬ દરમિયાન કરૂણા અભિયાન અંતર્ગત વલસાડની ઉડીપી હોટલના સામે આવેલા સરકારી પશુ દવાખાના તથા પારનેરા પારડી ખાતે સ્થિત વિવિધલક્ષી પશુચિકિત્સાલય ખાતે ઘાયલ પક્ષીઓની સારવાર માટે કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

વલસાડના સરકારી પશુ દવાખાનાના પશુ ચિકિત્સા અધિકારી ડો.દિવ્યા પટેલે જણાવ્યું કે, ઘાયલ પક્ષીઓની સારવાર માટે પશુ ચિકિત્સકોની અલગ અલગ ટીમ બનાવી ડ્યુટીની સોંપણી કરવામાં આવી છે. વન વિભાગ દ્વારા વલસાડના ફાયર સ્ટેશન તથા ધરમપુર ચોકડી ખાતેનાં કેમ્પમાં ઘાયલ પક્ષીઓનું રેસ્ક્યુ કરી સારવાર માટે પશુ ચિકિત્સાલય વલસાડ ખાતે લાવવામાં આવશે. રેસ્ક્યુ માટે વનકર્મીઓ, વિવિધ એનજીઓ તથા વોલન્ટીયર સાથે મીટિંગ કરી માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

વલસાડ શહેર તથા આસપાસની જનતાને ખાસ સંદેશ આપવામાં આવે છે કે, ઉતરાયણના દિવસે વહેલી સવારે તથા સાંજના સમયે પક્ષીઓની માળામાં આવન જાવન થતી હોવાથી આ સમયે શક્ય હોય તો પતંગ ઉડાવવાનું ટાળવું જોઈએ. વધુમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરી તથા ટુક્કલનો પતંગ ઉડાડવામાં ઉપયોગ ન કરવો જોઈએ.

આ કરૂણા અભિયાનના દિવસો દરમિયાન ઘાયલ પક્ષીના રેસ્ક્યુ અને સારવારની વધુ વિગત માટે વલસાડના સરકારી દવાખાનાના પશુ ચિકિત્સા અધિકારી ડૉ. દિવ્યા પટેલનો મો.નં. ૮૨૩૮૮૭૯૬૬ પર સંપર્ક સાધવા અખબારી યાદીમાં જણાવાયું છે.

### વલસાડ લીલાપોર ફાટક પાસે

# બાઈક ચાલકના ગળામાં પતંગની દોરી ઉતરી જતા લોહી લુહાણ હાલતમાં સારવાર માટે ખસેડાયો



**મકર સંક્રાંતિ અરસામાં દોરીથી ગળા કપાવાની ઘટનાઓ વધે છે : સામાજીક સંસ્થાઓ ગળાના સેફ્ટી બેલ્ટ પણ વિતરણ કરે છે**

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

વલસાડ લીલાપોર ફાટક પાસે આજે બુધવારે સવારે બાઈક લઈને જઈ રહેતા ઈસમના ગળામાં અચાનક પતંગની દોરી ઉતરી ગઈ હતી. ચાલકને લોહી લુહાણ હાલતમાં વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો.

મકરસંક્રાતિ ઉત્તરાયણ પર્વમાં પતંગો વધુ પ્રમાણમાં જાહેરમાં લોકો ઉડાવતા હોય છે. પરંતુ આ પતંગની દોરી ક્યારેક જીવલેણ બની જતી હોય છે. આજે કંઈક તેવો બનાવ વલસાડ લીલાપોર ફાટક પાસે બન્યો હતો. બાઈક ચાલક બાઈક ઉપર સવાર થઈ જઈ રહ્યો હતો તે દરમિયાન પતંગ અચાનક પતંગની દોરી ગળાના ભાગે ભેરવાઈ જતા ગળું કપાયું હતું. તેથી ચાલક લોહી લુહાણ થયો હતો. તાત્કાલિક ઘાયલને વલસાડ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. તો બીજી તરફ ઉત્તરાયણ પર્વમાં આવા અકસ્માત અટકાવવા માટે જાહેર સલામતિ માટે કેટલીક સામાજીક સંસ્થાઓ દોરી ગળામાં ફસાઈ નહી તે માટે સેફટી બેલ્ટનું પણ વિતરણ કરી રહી છે. ઉત્તરાયણ સુધી પતંગના દોરાઓથી સાવધાની રાખવી હવે પછીના સમયમાં ખાસ જરૂરી બની રહેશે.

# જ્યાં નિયમ સૌ માટે સમાન હોય, ત્યાં જ રાષ્ટ્રનું ભવિષ્ય ઉજળું બને

**કેટલાંક લોકપ્રચલિત વર્ણનોમાં આ સ્વયંસેવકને ગોપાલકૃષ્ણ ગોખલે તરીકે ઓળખાવવામાં આવે છે. જોકે ગોખલેના અધિકૃત જીવનચરિત્રો અને ડેક્કન એજ્યુકેશન સોસાયટીના પ્રમાણભૂત દસ્તાવેજોમાં આ બાબતનું સ્પષ્ટ પ્રમાણ મળતું નથી. છતાં આ ઘટના જે મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે- શિસ્ત, નિર્ભયતા અને સિદ્ધાંતનિષ્ઠા- એ જ મૂલ્યો ગોખલેના સમગ્ર જીવનમાં પ્રતિબિંબિત થયા હતા, એ નિર્વિવાદ છે**

## સિક્કાની ત્રીજી બાજુ



\- સ્વામી ચિન્મયદાસ

ન્યૂ ઈંગ્લિશ સ્કૂલ, પુણે.

આ સ્કૂલ ભારતની અતિપ્રાચીન અને ઐતિહાસિક શૈક્ષણિક સંસ્થાઓમાંની એક છે.

તેના સ્વપ્રદૃષ્ટા હતા વિષ્ણુશાસ્ત્રી ચિપલૂણકર, લોકમાન્ય બાલગંગાધર તિલક અને મહાદેવ બલ્લાલ નામજોષી જેવા પ્રખર વિચારકો.

એ સમયે બ્રિટિશ શાસન હતું. તેથી શિક્ષણ પણ અંગ્રેજની રીતિ-નીતિથી જ અપાતું. તેમાં પદ્ધતિસર અને યુક્તિપૂર્વક ભારતીય સંસ્કૃતિના સૂર્યને પાશ્ચાત્ય વિચારોના વાદળોથી ઢાંકી દેવાનો પ્રયાસ થઈ રહ્યો હતો.

**લોભામણી બેડીની ચાવી:** આવાં સમયે વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય ભાવના અને સ્વાવલંબનપણું જળવાઈ રહે. સાથે સાથે આધુનિક શિક્ષણ સાથે શિસ્ત અને નૈતિક મૂલ્યોનું ભારતીયોમાં સંવર્ધન થાય-તેવા શુભ હેતુથી ૧ જાન્યુઆરી ૧૮૮૦ના રોજ આ સ્કૂલની સ્થાપના થઈ.

શરૂઆતમાં માત્ર ૩૦-૪૦ વિદ્યાર્થીઓથી શરૂ થયેલી શાળા થોડા વર્ષોમાં સેંકડો વિદ્યાર્થીઓ સુધી વિસ્તરી.

આ સંકુલ માત્ર શૈક્ષણિક નહીં, પરંતુ રાષ્ટ્રીય વિચારધારા અને સ્વાતંત્ર્યની ચેતનાથી અંકુરિત ભારતીય ઈતિહાસનું ગૌરવગાથાપૂર્ણ વટવૃક્ષ હતું. બ્રિટિશરોની લોભામણી બેડીની આ ચાવીએ તો ભારતમાં ક્રાંતિ સર્જી દીધી! અહીંથી અનેક સ્વાતંત્ર્યસેનાની, શિક્ષણવિદો, વિચારકો અને સમાજને દિશા આપનાર તૈયાર થયા છે.

**ઈતિહાસનું સુવર્ણ પૃષ્ઠ:** આ શાળાનો એક પ્રસંગ ઈતિહાસના સુવર્ણ પૃષ્ઠ પર અંકિત થઈ ગયો છે.

શાળાની સ્થાપનાના ચાર વર્ષ પછી ૧૮૮૫માં ત્યાં એક શૈક્ષણિક સમારોહ યોજાયો હતો. આ સમારોહના મુખ્ય અતિથિ હતા બોમ્બે હાઈકોર્ટના ચીફ જસ્ટિસ, પ્રખ્યાત સમાજસુધારક અને વિદ્વાન મહાદેવ ગોવિંદ રાનડે.

તેમની સુરક્ષાને લક્ષ્યમાં રાખી સમારોહમાં આવનાર પ્રત્યેક વ્યક્તિ માટે આમંત્રણ કાર્ડ રાખવું ફરજિયાત હતું. તે માટે પ્રવેશદ્વાર પર જ એક શિસ્તબદ્ધ નવયુવાન સ્વયંસેવકની નિયુક્તિ કરવામાં આવી હતી. તેની ફરજ હતી દરેક અતિથિને નિમંત્રણ કાર્ડ તપાસીને જ યોગ્ય બેઠક અંગે માર્ગદર્શન આપવાનું.

શ્રી રાનડેનું અભિવાદન કરવા, તેમને પ્રત્યક્ષ નિહાળવા, સૌ આમંત્રિતો ઉત્સાહપૂર્વક સમયથી પણ પહેલાં આવી પહોંચ્યા. ભારતીય પરંપરાને અનરૂપ આકર્ષક પહેરવેશથી સુસજ્જ અતિથિઓનું સ્મિત સાથે અભિવાદન કરી, પેલો યુવાન ફરજ નિભાવી રહ્યો હતો.

**સાદગીનું સામ્રાજ્ય અને નિયમથી રાષ્ટ્રનિર્માણ:** એવામાં એક અતિ સાદગી ભરેલા પહેરવેશમાં ધીમી ચાલે એક વ્યક્તિ પ્રવેશદ્વાર આગળ આવી ઊભી રહી.

સાદો સફેદ જામો અને ધોતી. રાખોડી રંગનો ખેશ, માથે મહારાષ્ટ્રીય પાઘડી અને ધ્યાન ખેંચે તેવી મૂછો - આ વ્યક્તિ સૌથી જુદી તરી આવતી હતી. અન્યની જેમ તેને કોઈ પ્રકારનો ઉત્સાહ દેખાતો ન હતો. કપાળની કરચલીઓમાં પીઢતાની સાથે ગરીબી ડોકાતી હોય તેમ જણાતું હતું. કોઈ પણ પ્રકારના હિચકીચાટ વગર તે વ્યક્તિ પ્રવેશદ્વાર વીંધી ચાર-પાંચ ડગલાં આગળ વધી ગઈ. આ શિસ્તભંગથી નારાજ પેલો યુવક ઝડપથી તેનો હાથ પકડી રીતસર પ્રવેશદ્વારની બહાર ખેંચી ગયો. અતિથિ વિશેષની સુરક્ષા માટે આ જરૂર હતું.

પેલી વ્યક્તિ કોઈ પણ પ્રકારનો હાવભાવ વગર ખૂબ શાંત ચિત્તે ઊભી રહી ગઈ. તેનું મૌન પેલાં યુવકને અકળાવી રહ્યું હતું. તેમ છતાં આંતરવેગને દબાવી ખૂબ નમ્રતાથી તેને આમંત્રણ પત્ર બતાવવા જણાવ્યું.

"મારી પાસે નથી." પેલી વ્યક્તિએ ટૂંકુટચ વાક્યથી પતાવ્યું.

"તો પછી તમને પ્રવેશ નહીં મળે!"

"પણ મારે અંદર પ્રવેશવું જરૂરી છે!" પેલી વ્યક્તિએ આછું સ્મિત વેર્યું.

"અરે મહાશય! નિયમ સૌને માટે છે. આજે અહીં મુખ્ય ન્યાયાધીશ આવવાના છે; તેથી પ્રવેશ આપવો શક્ય બનશે નહીં." કઠોર વાતને પણ પેલાં યુવકે નમ્રતાથી જણાવી.

આ નાની રકઝકમાં અન્ય આગંતુકોનો જમાવડો થઈ ગયો. થોડી જ ક્ષણોમાં અંદર ખળભળાટ થયો. તેથી કોઈ વિશેષ આયોજકે પ્રવેશદ્વાર તરફ નજર નાંખી. મામલાની ગંભીરતા જોઈ તે ત્યાં દોડી આવ્યા. તેમણે દૂરથી જ સત્તાવાહી ઈશારે પેલાં સ્વયંસેવકને પ્રવેશ આપવા સૂચવ્યું.

"અરે! તમે કેવાં છો? આમ નિયમભંગ કરો તે યોગ્ય નથી. આ પ્રવેશ માટે મારી સંમતિ નથી!' ફરજપરક આ સ્વયંસેવકને સાંભળી પેલાં આયોજકે તેને કાનમાં કહ્યું: "અરે! આ તો આપણા મુખ્ય અતિથિ!"

શરમથી પેલા યુવકનું મસ્તક નમી પડ્યું. તેણે ચરણ સ્પર્શ કરી અવિવેક બદલ ક્ષમા માંગી. તેને કોઈ જરૂર ઠપકો મળશે તે બીકે તે ધ્રુજી ગયો.

પરંતુ આ તો મહાદેવ ગોવિંદ રાનડે હતાં. તે સમયના મહાન ન્યાયમૂર્તિ. તેમણે બે હાથે પેલાં યુવકના ખભા પકડીને ઊભો કરી, તેની પીઠ થાબડી.

પહેલી જ વાર ન્યાયમૂર્તિને જોતાં તેનાથી હાથ જોડાઈ ગયા. અવિવેકનો પણ પુરસ્કાર આવો હોય તેની તેને કલ્પના નહોતી. અવિવેકનું પ્રાયશ્ચિત અશ્રુ દ્વારા સ્રવી રહ્યું હતું.

"તારી ફરજનિષ્ઠાએ આ શાળાનું ગૌરવ વધાર્યું છે." એમ કહેતાં શ્રી રાનડેએ મંચ તરફ પ્રયાણ કર્યું.

પ્રવેશદ્વાર પરના આ નાના છતાં હૃદયસ્પર્શી પ્રસંગનો ઉલ્લેખ કરતાં રાનડેની છાતી ગજગજ ફૂલી ગઈ. "આ શાળાનો હેતુ શું છે તેનો પરિચય મને સંકુલમાં પ્રવેશતાં જ મળી ગયો. જ્યાં નિયમ સૌ માટે સમાન હોય, ત્યાં જ રાષ્ટ્રનું ભવિષ્ય ઉજળું બને. આ શાળાએ મારું અપમાન નથી કર્યું; પરંતુ ભારતના ભવિષ્યની આશા બક્ષી છે. વ્યક્તિ કરતાં સિદ્ધાંત મોટો છે. આવી શાળાઓ જ રાષ્ટ્રનિર્માણ કરે છે."

શ્રી રાનડેના ગૌરવવંતા આ શબ્દો સૌએ વધાવી લીધાં.

કેટલાંક લોકપ્રચલિત વર્ણનોમાં આ સ્વયંસેવકને ગોપાલકૃષ્ણ ગોખલે તરીકે ઓળખાવવામાં આવે છે. જોકે ગોખલેના અધિકૃત જીવનચરિત્રો અને ડેકન એજ્યુકેશન સોસાયટીના પ્રમાણભૂત દસ્તાવેજોમાં આ બાબતનું સ્પષ્ટ પ્રમાણ મળતું નથી. છતાં આ ઘટના જે મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે- શિસ્ત, નિર્ભયતા અને સિદ્ધાંતનિષ્ઠા- એ જ મૂલ્યો ગોખલેના સમગ્ર જીવનમાં પ્રતિબિંબિત થયા હતા, એ નિર્વિવાદ છે.

તેમને આજે સૌ કોઈ સંયમ, સંવાદ અને નૈતિક રાજકારણના પ્રતીક તરીકે પૂજે છે. ગોખલે મહાત્મા ગાંધીના પણ રાજકીય ગુરુ સાબિત થયા હતા.

આજની પેઢી માટે આ પ્રસંગ એ શીખ છે કે હોદ્દો ગમે તેટલો મોટો હોય, પરંતુ નિયમ સામે સૌ સમાન જ હોવા જોઈએ.

# વલસાડ સર્કિટ હાઉસમાં પ્રભારીમંત્રી, ધારાસભ્ય અને ભાજપ હોદ્દેદારોની 'વિબી-જી રામ જી' યોજનાની સમીક્ષા બેઠક યોજાઈ

**નવા બિલની મુખ્ય જોગવાઈઓ મનરેગા હેઠળ અગાઉ ૧૦૦ દિવસની રોજગારી મળતી હતી જે હવે વધારીને ૧૨૫ દિવસ કરવામાં આવી છે, મજૂરોની હાજરી હવે મેન્યુઅલને બદલે બાયોમેટ્રિક અને ડિજિટલ રીતે લેવામાં આવશે, જેથી ગેરરીતિ અટકાવી શકાય: સાંસદ ધવલભાઈ પટેલ**



**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૦૭**

દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કાર્યરત કેન્દ્ર સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં રોજગારી અને આજીવિકાની સુરક્ષા સુનિશ્ચિત કરવાના ઉમદા હેતુ સાથે ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવનાર 'વિકસિત ભારત રોજગાર અને આજીવિકા મિશનની ગેરેન્ટી (ગ્રામીણ) - VB-G RAM GÓ બિલ અંગે વિગતવાર માહિતી આપવા માટે વલસાડ સર્કિટ હાઉસ ખાતે એક મહત્વપૂર્ણ પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પત્રકાર પરિષદમાં ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી અને વલસાડ જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી નરેશભાઈ પટેલ મુખ્યત્વે ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં વલસાડ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાએ ઉપસ્થિત તમામ મીડિયાકર્મીઓનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે વલસાડ-ડાંગના સાંસદ અને લોકસભાના દંડક શ્રી ધવલભાઈ પટેલ, પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ અને ધરમપુરના ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ પટેલ, પ્રદેશ મંત્રી શ્રીમતી સોનલબેન સોલંકી, તથા ધારાસભ્યશ્રીઓશ્રી ભરતભાઈ પટેલ અને શ્રી જીતુભાઈ ચૌધરી વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા.

સાંસદ શ્રી ધવલભાઈ પટેલે VB-G RAM G યોજનાના મુખ્ય પાસાઓ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, નવા બિલની મુખ્ય જોગવાઈઓ મનરેગા હેઠળ અગાઉ ૧૦૦ દિવસની રોજગારી મળતી હતી, જે હવે વધારીને ૧૨૫ દિવસ કરવામાં આવી છે,મજૂરોની હાજરી હવે મેન્યુઅલને બદલે બાયોમેટ્રિક અને ડિજિટલ રીતે લેવામાં આવશે, જેથી ગેરરીતિ અટકાવી શકાય, દરેક કામનું જીઓ-ટેગિંગ અને ફોટા અપલોડ કરવામાં આવશે, જેથી ખરેખર થયેલા કામના જ નાણાં ચૂકવાય તેની ખાતરી કરી શકાય,મજૂરોનું પેમેન્ટ હવે સીધું જ તેમના બેંક ખાતામાં (Direct Benefit Transfer) જમા થશે. પહેલા પેમેન્ટમાં મહિનાઓ નીકળી જતા હતા, પરંતુ હવે કામ પૂરું થયાના ૭ દિવસમાં જ મજૂરના ખાતામાં નાણાં જમા કરવાની ગેરંટી આપવામાં આવી છે, મનરેગામાં ૨૬૦ જેટલા કામો હતા, જ્યારે આ નવા બિલમાં ૪ મુખ્ય ક્ષેત્રો (જેમ કે જળ સંરક્ષણ અને ગામની અસ્કયામતાનું નિર્માણ) પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે,૧૨૫ દિવસ પછી જો કામ ન મળે, તો બેરોજગારી ભથ્થું આપવાની પણ જોગવાઈ છે.

કેબિનેટ મંત્રી અને વલસાડ જિલ્લાના પ્રભારી શ્રી નરેશભાઈ પટેલે આ બિલ અંગેની તકનીકી અને વહીવટી વિગતો આપતા જણાવ્યું હતું કે, આ યોજના દ્વારા ગ્રામીણ યુવાનો અને શ્રમિકોને રોજગારીની ગેરેન્ટી આપવામાં આવશે, જે 'વિકસિત ભારત ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે,ભારત સરકાર દ્વારા ગ્રામીણ વિકાસ અને મજૂરોને સદ્ધર બનાવવાના હેતુથી વીબીજી રામજી અધિનિયમ ૨૦૨૫ને મંજૂરી આપવામાં આવી છે. આ અધિનિયમ જૂની મનરેગા યોજનામાં મહત્વપૂર્ણ સુધારા કરીને અમલમાં મૂકવામાં આવ્યો છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય મજૂરોને વધુ રોજગારી અને ગામડાઓનો સર્વાંગી વિકાસ કરવાનો છે

વધુ રોજગારીના દિવસો મજૂરોને હવે ૧૦૦ દિવસના બદલે ૧૨૫ દિવસની રોજગારી આપવામાં આવશે.

'ગેરંટી સાથે રોજગાર' આ યોજના હેઠળ દરેક મજૂરને રોજગારની ગેરંટી મળશે, જે તેમના આર્થિક સ્તરને સુધારવામાં મદદરૂપ થશે.

**ભ્રષ્ટાચાર મુક્ત પારદર્શિતા:** અધિનિયમમાં છેતરપિંડી અને ગેરરીતિ અટકાવવા માટે ખાસ જોગવાઈઓ કરવામાં આવી છે

**ગામડાનો વિકાસ:** રોજગારીની સાથે સાથે ગામડાઓમાં માળખાગત સુવિધાઓ અને વિકાસના કામોને પ્રાધાન્ય આપવામાં આવશે.

ગરીબ કલ્યાણ અને અન્ય યોજનાઓનું જોડાણ વડાપ્રધાન

-વધુ પેજ નં.૭ પર